

આ પંચમકાળમાં ગુરુદેવની દિવ્યવાણી તીર્થંકરની વાણીની જેમ, શાસ્ત્રો દ્વારા અને ટેપરેકોર્ડ દ્વારા હજારો વર્ષો સુધી ગુંજ્યા કરશે, ગાજતી રહેશે. આ તો તીર્થંકર ભગવાનનાં ચરણો મળ્યાં હતાં. તેમનું સાન્નિધ્ય તે સાક્ષાત્ તીર્થંકર ભગવાનનું સાન્નિધ્ય મળ્યું હતું તેમ માનવું.

—પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી

# આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ નિશ્ચયથી હું 'વીતરાગ'; વળી નિશ્ચયથી મારું નિજ સ્વરૂપ જે છે તે 'વીતરાગ' છે. તેથી પ્રગટ નિજજાતિ વસ્તુસ્વરૂપ જે સ્વભાવ છે, તે નિશ્ચયથી વીતરાગભાવથી દેદીપ્યમાન છે. ૫૫૪.

*(શ્રી દીપચંદજી, આત્માવલોકન, શ્લોક–૩)*

❀ વહી શુદ્ધ યા નિશ્ચય અહિંસા કહી ગઈ હૈ, જહાં વહ ભાવના કી જાવે કિ યહ આત્મા પરમાત્માકી જાતિ હોનેસે ઉન્હીં કે સમાન શુદ્ધ હૈ. જહાં હ્રીં મંત્રકે દ્વારા ધ્યાનમેં થિર હુઆ જાવે વહી જ્ઞાનસ્વભાવસે નિશ્ચય અહિંસા હૈ. ૫૫૫.

*(શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક–૩૪૩)*

❀ હે યોગી! યહ શરીર છિદ જાવે, દો ટુકડે હો જાવે, અથવા ભિદ જાવે, છેદસહિત હો જાવે, નાશકો પ્રાપ્ત હોવે, તો ભી તૂ ભય મત કર, મનમેં ખેદ મત લા, અપને નિર્મલ આત્માકા હી ધ્યાન કર, અર્થાત્ વીતરાગ ચિદાનંદ શુદ્ધસ્વભાવ—ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મસે રહિત અપને આત્માકા ચિંતવન કર, જિસ પરમાત્માકે ધ્યાનસે તૂ ભવસાગરકા પાર પાયગા. ૫૫૬.

*(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ.–૧, ગાથા–૭૨)*

❀ દર્શનજ્ઞાનચારિત્રરૂપ પરિણમેલો આત્મા એમ જાણે છે કે : નિશ્ચયથી હું એક છું, શુદ્ધ છું, દર્શન—જ્ઞાનમય છું, સદા અરૂપી છું; કાંઈ પણ અન્ય પરદ્રવ્ય પરમાણુમાત્ર પણ મારું નથી એ નિશ્ચય છે. ૫૫૭.

*(શ્રી કુંદકુંદાચાર્ય, સમયસાર, ગાથા–૩૮)*

❀ જેમ સ્વચ્છ અને સફેદ સૂર્યકાંતમણિ અથવા સ્ફટિકમણિની નીચે અનેક પ્રકારના ડંક મૂકવામાં આવે તો તે અનેક પ્રકારના રંગ બેરંગી દેખાય છે અને જો વસ્તુના અસલ સ્વરૂપનો વિચાર કરવામાં આવે તો ઉજ્જવળતા જ જણાય છે, તેવી જ રીતે જીવદ્રવ્યમાં પુદ્ગલના નિમિત્તે તેની મમતાના કારણે મોહ–મદિરાનું ઉન્મત્તપણું થાય છે, પણ ભેદવિજ્ઞાન દ્વારા સ્વભાવ વિચારવામાં આવે તો સત્ય અને શુદ્ધ ચૈતન્યની વચનાતીત સુખ–શાંતિ પ્રતીતમાં આવે છે. ૫૫૮.

*(શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, બંધ દ્વાર ૫૬–૩૪)*

*

કહાન
સંવત-૧૯
વર્ષ-૫૫
અંક-૧૦
[૬૬૬]

# આત્મધર્મ

વીર
સંવત
૨૫૨૫
સં. ૨૦૫૫
APRIL.
A.D. 1999

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

### પંચમકાળનું અદ્‌ભુત આશ્ચર્ય :—

## કાનજીસ્વામી અને ક્રમબદ્ધપર્યાય

ભગવાનની દિવ્યધ્વનિ દ્વારા ચોથા કાળના જીવોએ પાંચમા આરાના જીવોના વક્રપરિણામની વાત સાંભળી તો કેટલાક જીવોને એટલો બધો વૈરાગ્ય થઈ ગયો કે તેઓએ દીક્ષા લઈ લીધી !—એવા આ હુંડા-અવસર્પિણી પંચમકાળમાં, સીમંધર-સમવસરણના શ્રોતા અને ભવિષ્યમાં થનારા તીર્થંકર હે ગુરુદેવ ! આપે મહાવિદેહથી મહાપ્રયાણ કરીને સ્વર્ગમાં બિરાજમાન થતાં પહેલાં, ભવ્યજીવોને ભવસમુદ્રમાંથી ઉગારવા, ૯૧ વર્ષનો અહીં વિસામો લીધો તે આ પંચમકાળનું એક અદ્‌ભુત આશ્ચર્ય ન હોય તો તેના સિવાય બીજું ક્યુ આશ્ચર્ય હોઈ શકે ? પૂજ્ય બહેનશ્રી તો કહેતાં કે "તેઓ આપણી વચ્ચે આવીને રહ્યાં તે બને ક્યાંથી ? આ તો આશ્ચર્ય...આશ્ચર્ય."

આ નિષ્કૃષ્ટકાળના ભૌતિકયુગને અધ્યાત્મયુગમાં પરિવર્તીત કરીને સનાતન દિગમ્બર જૈન ધર્મ પાંચમા આરાના અંત સુધી ટકી રહે તેવો અધ્યાત્મમાર્ગ પ્રકાશિત કરીને હે ગુરુદેવ ! આપે આત્માર્થી મુમુક્ષુ-જગત ઉપર જે અસીમ કરુણા કરી છે તેનું વર્ણન કરવા વાણી સમર્થ નથી તેથી આપના ઉપકાર–મહિમાની સ્મૃતિરૂપે કલ્યાણકારી મંગલ જન્મદિનને—વૈશાખ સુદ બીજને–જન્મજયંતી મહોત્સવરૂપમાં ઉજવીને, આપ પ્રત્યેની અમારી અપાર ભક્તિભાવનાના સાગરમાંથી એક અંજલિ વ્યક્ત કર્યાનો અમે થોડો સંતોષ લઈએ છીએ.

હે ગુરુદેવ ! વીર-કુંદકુંદ-વીતરાગમાર્ગની આપે કરેલી પ્રરૂપણા વિશે શું કહેવું ! આપે સમયસારનો યુગ સર્જીને, ક્રમબદ્ધપર્યાયની સિંહગર્જના કરીને તથા નિશ્ચય-વ્યવહાર અને ઉપાદાન-નિમિત્તનો શંખનાદ ફૂંકીને જૈનજગત ઉપર એટલો મહાન ઉપકાર કર્યો છે કે દિગમ્બર જૈન ઇતિહાસમાં આપનું સ્થાન પ્રધાનપણે આલેખિત થયા વિના રહેશે નહીં.

હે ગુરુદેવ ! જ્યાં જ્યાં સમયસારનો સ્વાધ્યાય થશે; જ્યારે જ્યારે ક્રમબદ્ધપર્યાયની ચર્ચા થશે; ત્યાં ત્યાં ત્યારે ત્યારે આપના ઉપકારોનો ઇતિહાસ તાદૃશ થયા વિના રહેશે નહીં. કેમકે સમયસાર અને ક્રમબદ્ધપર્યાય એ બન્ને શબ્દો આપના–કાનજી સ્વામીના–નામના પર્યાયવાચી નામો બની ગયા છે. તેથી જેમ સર્વજ્ઞને યાદ કરતાં તેઓ શું જાણે છે, કેટલું જાણે છે, કઈ રીતે જાણે છે એ વાત યાદ આવ્યા વિના રહેતી નથી. તેવી રીતે આપના ઉપકાર-મહિમાનું સ્મરણ કરતાં, આપે સેંકડો શાસ્ત્રોના મંથન વડે પુરુષાર્થનો યથાર્થ માર્ગ પ્રકાશવા આત્માર્થીઓ માટે પ્રરૂપેલ ક્રમબદ્ધપર્યાય અમારા જ્ઞાન સમક્ષ પ્રગટ થયા વિના રહેશે નહીં.

હે ગુરુદેવ ! આપને જ્યારે શ્રોતા પૂછતાં કે 'એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહીં અને દરેક દ્રવ્યની પર્યાય ક્રમબદ્ધ જ થાય એ ઉપર આપ બહુ ભાર આપો છો તો એ સમ્યગ્દર્શનનું કારણ છે ?' ત્યારે આપશ્રી બહુ ભારપૂર્વક કહેતાં કે ''હા, એ તો મૂળ ચીજ છે. આ બે વાતનો નિર્ણય થતાં દૃષ્ટિ દ્રવ્ય તરફ વળે છે.'' અને એ રીતે આપે અમ ગુરુભક્ત મુમુક્ષુઓને ક્રમબદ્ધપર્યાયનું પ્રયોજન સમજાવી દીધું છે.

હે અસીમ કરુણાસાગર પૂજ્ય ગુરુદેવ ! આપની ઉપદેશની શૈલી એટલી અદ્‌ભુત હતી કે શાસ્ત્રના આધારે શાસ્ત્રના જ દૃષ્ટાંત વડે અનેક પડખાનું જ્ઞાન ચોકખું કરાવી દેતાં. જેમકે શ્રી પ્રવચનસાર શાસ્ત્રની ૯૯મી ગાથાના મોતીની માળાનું દૃષ્ટાંત લઈને આપ સમજાવતાં કે જેવી રીતે દોરાના આધારે રહેલાં બધા જ મોતીઓ પરસ્પર ભિન્નભિન્નપણે રહેલાં છે ને પોતપોતાના સ્થાને રહ્યા થકા ક્યારેય આગળ-પાછળ થતાં નથી. તેવી રીતે દ્રવ્યના આધારે રહેલી દરેક પર્યાય સ્વતંત્ર પરિણમતી થકી પોતપોતાના અવસરે પ્રગટ થાય છે; જેમ મોતી આગળ-પાછળ થતાં નથી તેમ કોઈપણ સમયની કોઈપણ પર્યાય આડી-અવળી કે વહેલી-મોડી થતી

નથી. માટે ક્રમબદ્ધ એવી પર્યાયના સહજ સ્વતંત્ર નિશ્ચિત પરિણમનનો જ્ઞાયકના લક્ષે ભાવભાસનપૂર્વક સ્વીકાર આવવો તે જ સમ્યક્ પુરુષાર્થ છે.—એ રીતે સુગમ દૃષ્ટાંતો વડે ગહન સિદ્ધાંતો સમજાવવાની આપની અદ્ભુત શૈલી એ આપની શ્રુતની લબ્ધિની જ પ્રસિદ્ધિ કરે છે.

હે ગુરુદેવ ! આજના આ કલ્યાણીવર્ષિણી પુનિત સુઅવસરે, આપે પ્રરૂપેલા દ્રવ્યદૃષ્ટિપ્રધાન મુળભૂત સિદ્ધાંતોના ગહન ચિંતન મનન વડે એ સિદ્ધાંતોના પ્રયોજનને–દ્રવ્યદૃષ્ટિને–સાધવારૂપ પુરુષાર્થમય ભાવ-અંજલિ અર્પવા સક્ષમ બનીયે એવી ભાવના સહ—

સંપાદકના કોટિ કોટિ વંદન

*

❀ પૂજ્ય ગુરુદેવે ઘણું પીરસ્યું છે. હવે તો તેનું લઢણ જ કરવાનું છે. પૂજ્ય ગુરુદેવ બધું પૂરેપૂરું આપીને ગયા છે. કંઈ બાકી નથી રાખ્યું કે તારે કોઈની પાસે લેવા જવું પડે. જેમ પિતા પુત્રને ધન આપીને જાય; એટલું આપે કે જિંદગીભર ચાલે, ગમે તેટલું ખર્ચે તોપણ ખૂટે નહિ. તેમ ધર્મપિતા ગુરુદેવ પૂરતું ધન આપીને ગયા છે તેટલું જ તેઓ લઈને ગયા છે. તેને જિંદગીભર તું ઓગાળે તોપણ તે ખૂટે તેમ નથી. તેથી આ ધનને તું જીવનભર શાંતિથી ઓગાળજે.

❀ ગુરુદેવે માર્ગ એકદમ ચોખ્ખો કર્યો છે. કોઈ ક્યાંય અટકી ન જાય, મૂંઝવણ ન થાય તેમ સ્પષ્ટપણે બતાવ્યો છે. હવે કોઈ જીવને સત્પુરુષને શોધવા પડે, સંતને ગોતવા જવું પડે, અને તે માર્ગની વિધિ બતાવે, એવું કંઈ તારે કરવું પડે તેમ નથી. ભેદજ્ઞાનનો માર્ગ ચોખ્ખો કર્યો છે, તું તત્ત્વને ઓગાળ્યા કર, જીવનભર ખાધા કર તોએ ખૂટે તેમ નથી તેટલું તને આપ્યું છે. તને મોટો વારસો આપ્યો છે. ઘણા પોતે તરી જાય પણ આ તો આપણને તારણહાર મળ્યા. લાખો જીવોને સત્યના માર્ગે વાળ્યા.

*—પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી*

*

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

## * ક્રમબદ્ધપર્યાયનો સિદ્ધાંત ! ગજબ વાત છે ! *

ક્રમબદ્ધપર્યાયના સિદ્ધાંતથી મૂળ તો અકર્તાપણું સિદ્ધ કરવું છે. જૈનદર્શન અકર્તાવાદ છે. આત્મા પરદ્રવ્યનો તો કર્તા નથી જ, રાગનો પણ કર્તા નહિ અને પર્યાયનો પણ કર્તા નહિ. પર્યાય પર્યાયના જન્મક્ષણે ષટ્‌કારકથી સ્વતંત્ર જે થવાની તે જ થાય છે, પણ એ ક્રમબદ્ધનો નિર્ણય પર્યાયના લક્ષે થતો નથી. ક્રમબદ્ધનો નિર્ણય કરવા જાય ત્યાં શુદ્ધ ચૈતન્ય જ્ઞાયકધાતુ ઉપર દૃષ્ટિ જાય છે, ત્યારે જાણનાર જે પર્યાય પ્રગટ થાય છે તે ક્રમબદ્ધપર્યાયને જાણે છે. ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય સ્વભાવ સન્મુખના અનંતા પુરુષાર્થ પૂર્વક થાય છે, ક્રમબદ્ધપર્યાયના નિર્ણયનું તાત્પર્ય વીતરાગતા છે. એ વીતરાગતા વીતરાગ સ્વભાવ ઉપર દૃષ્ટિ જાય છે ત્યારે પર્યાયમાં પ્રગટે છે. શ્રી સમયસાર ગાથા ૩૨૦માં કહ્યું છે ને ! કે જ્ઞાન બંધ-મોક્ષને કરતું નથી પણ જાણે જ છે. આહાહા ! મોક્ષને જાણે છે, મોક્ષને કરે છે એમ કહ્યું નથી. પોતાના થતાં ક્રમસર પરિણામને કરે છે એમ નહિ પણ જાણે છે એમ કહ્યું. ગજબ વાત છે.

## * ક્રમબદ્ધના નિર્ણયમાં દ્રવ્યસ્વભાવનો અનંતો પુરુષાર્થ છે *

આ (—શ્રી સમયસાર ગાથા ૩૦૮) બહુ સરસ ગાથા છે. આ ગાથા મોક્ષ અધિકારની ચૂલિકા છે. અહીં આચાર્યદેવ આત્માનું અકર્તાપણું બતાવે છે. અકર્તાપણું એટલે કે જ્ઞાયકસ્વભાવની સિદ્ધિ ક્રમબદ્ધ દ્વારા કરી છે. એક પછી એક થાય ને જે સમયે જે પર્યાય થવાની છે તે જ થાય તેનું નામ ક્રમબદ્ધ છે. દરેક દ્રવ્યની જે સમયે જે પર્યાય થવાની છે તે જ થાય છે એટલે કે તેને અન્ય દ્રવ્ય તો કરતું નથી પણ તે પર્યાયને તે દ્રવ્ય પણ આઘી-પાછી કરી શકે—ફેરફાર કરી શકે એમ પણ નથી. ક્રમબદ્ધ તો મહાસિદ્ધાંત છે. ક્રમબદ્ધનો સાચો નિર્ણય કરવા જાય ત્યાં દૃષ્ટિ દ્રવ્યસ્વભાવ ઉપર જાય છે, અને ત્યારે જ ક્રમબદ્ધનો યથાર્થ નિર્ણય થાય છે. ક્રમબદ્ધપર્યાયના આશ્રયે ક્રમબદ્ધનો નિર્ણય નહિ થાય. અકર્તાસ્વભાવની દૃષ્ટિ કરવાથી ક્રમબદ્ધનો યથાર્થ નિર્ણય થાય છે. માટે ક્રમબદ્ધના નિર્ણયમાં પુરુષાર્થનો નિષેધ થઈ જતો નથી પણ ક્રમબદ્ધના નિર્ણયમાં દ્રવ્યસ્વભાવનો અનંતો પુરુષાર્થ છે. અકર્તાપણું એ નાસ્તિનું કથન છે. ક્રમબદ્ધ દ્વારા જ્ઞાયકસ્વભાવની અહીં સિદ્ધિ કરવામાં આવી છે.

## * પોતાની ક્રમસર થતી પર્યાયનો પણ જાણનાર જ છે *

દરેક પદાર્થની પર્યાય ક્રમબદ્ધ થાય છે એટલે પરદ્રવ્યની પર્યાયને ફેરવવાનું તો રહ્યું નહિ, પરદ્રવ્યની પર્યાયને તો ફેરવી શકતો જ નથી પણ પોતાની પર્યાય જે ક્રમસર થવાની તે જ થાય છે તેથી તેને પણ ફેરવવાનું રહ્યું નહિ. જે પર્યાય ક્રમસર થાય તેનો જાણનાર જ છે. આહાહા ! આ વીતરાગતા છે. ભગવાન સર્વજ્ઞે દેખ્યા પ્રમાણે દરેક દ્રવ્યના ત્રણકાળના પર્યાયો જે કાળે જે થવાના તે જ થવાના છે. ભગવાને દેખ્યું છે માટે થવાના છે એમ નહિ પણ દરેક દ્રવ્યના પર્યાયો પોતાથી જ ક્રમબદ્ધ જે થવાના તે જ થાય છે. તેને બીજો તો ફેરવી શકે નહિ પણ પોતે પણ પોતામાં થતાં ક્રમસર પરિણામને ફેરવી શકે નહિ, માત્ર જાણી શકે. ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કરતાં દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય છે ત્યારે ક્રમબદ્ધપર્યાયનો સાચો નિર્ણય થાય છે. પર્યાયના ક્રમ સામું જોતાં ક્રમબદ્ધનો સાચો નિર્ણય થઈ શકે નહિ, જ્ઞાયક તરફ ઢળે છે ત્યારે જ્ઞાયકનો સાચો નિર્ણય થાય છે, એ નિર્ણયમાં અનંતો પુરુષાર્થ આવે છે. જ્ઞાન સાથે આનંદનો સ્વાદ આવે ત્યારે તેને સમ્યગ્દર્શન થયું છે. સર્વજ્ઞે દેખ્યું છે તેમ થાય, પર્યાય ક્રમબદ્ધ થાય, એના નિર્ણયનું તાત્પર્ય જ્ઞાનસ્વભાવ ઉપર દૃષ્ટિ કરવી એ છે. આત્મા કર્તા નથી પણ જ્ઞાતા જ છે.

## * ક્રમબદ્ધ ખ્યાલમાં આવતાં પરના કરવાપણાથી ખસીને * આત્મા તરફ આવે છે

ક્રમબદ્ધપર્યાયથી ખરેખર જેને અકર્તાપણું ખ્યાલમાં આવ્યું હોય તે એટલે કે જે કરવાપણાના દુઃખથી થાકેલો છે તેને ક્રમબદ્ધ ખ્યાલમાં આવતાં પરના કરવાપણાથી ખસીને આત્મા તરફ આવે છે. જે સમયે જે પર્યાય થવાની તે જ થાય છે, તીર્થંકરને પણ જે પર્યાય થવાની તે જ થાય છે, તેને આઘી-પાછી કરી શકે નહિ એમ ક્રમબદ્ધ ખ્યાલમાં આવતાં જે કર્તાપણાની બુદ્ધિથી થાકેલો છે એ પરના કર્તાપણાના અભિમાનથી થાકીને આત્મા તરફ વળે છે તેને સમ્યગ્દર્શન થાય છે. સંસારથી ખરેખર થાકેલાને જ સમ્યગ્દર્શન થાય છે. એને એમ થાય છે કે મારે કાંઈ જોઈતું નથી એટલે હું કાંઈક કરું અને એનાથી મને બીજું કાંઈક મળે એવી સ્પૃહા નથી. ક્રમબદ્ધની દૃષ્ટિવાળાને દરેક દ્રવ્યની પર્યાય સ્વયં ક્રમબદ્ધ થાય છે એમ એને બેસી ગયું છે.

## * ક્રમબદ્ધમાં અકર્તાપણાનો પુરુષાર્થ *

ક્રમબદ્ધના છંછેડાટમાં ક્રમબદ્ધનો છંછેડાટ નથી પણ અકર્તાપણાનો છંછેડાટ છે.

જ્ઞાનસ્વભાવ અકર્તા સિદ્ધ કરીને પુરુષાર્થ કરાવવો છે.

*** પોતાના અશુદ્ધ ને શુદ્ધ પર્યાયો સ્વકાળે ક્રમબદ્ધ જે થવાના તે જ થાય ***

ભગવાન સર્વજ્ઞના કેવળજ્ઞાનમાં ત્રણકાળ ત્રણલોકના પર્યાયો પ્રત્યક્ષ જણાય છે. જેમ કેવળજ્ઞાનમાં ત્રણકાળના પર્યાયો જણાય છે તેમ જ પદાર્થોમાં ક્રમબદ્ધપર્યાયો થાય છે, કેવળજ્ઞાને જાણ્યું માટે નહિ પણ પદાર્થોના પર્યાયો પોતાથી સ્વકાળે તે જ રીતે થાય છે અને તેમ સર્વજ્ઞ જાણે છે. આહાહા ! પરદ્રવ્યને કરવાની તો વાત નથી પણ પોતાના અશુદ્ધ ને શુદ્ધ પર્યાયો સ્વકાળે ક્રમબદ્ધ જે થવાના તે જ થાય એટલે પોતામાં પણ પર્યાયને આડી-અવળી કરવાનું જ રહ્યું નહિ. માત્ર જેમ થાય છે તેમ જાણવાનું જ રહ્યું. જેમ સર્વજ્ઞ જ્ઞાતા છે તેમ ધર્મી પણ જ્ઞાતા થઈ ગયો. ક્રમબદ્ધના નિર્ણયનું તાત્પર્ય અકર્તાપણારૂપ વીતરાગતા છે. એ વીતરાગતા અનંત પુરુષાર્થે દ્રવ્ય ઉપર દૃષ્ટિ જતાં થાય છે. આહાહા ! આત્મા સર્વજ્ઞ સ્વભાવી છે.

*** પોતાની પર્યાય પણ સ્વકાળે થાય જ છે તેને કરે શું ? ***

શ્રોતા :—પરની પર્યાયને તો કરે નહિ પણ પોતાની પર્યાયને પણ કરે નહિ ?

પૂજ્ય ગુરુદેવ :—પોતાની પર્યાય પણ સ્વકાળે થાય જ છે તેને કરે શું ? ખરેખર તો એ જ્ઞાતાદૃષ્ટા જ છે. પ્રયત્નપૂર્વક મોક્ષને કર એમ કથન આવે, કમર કસીને મોહને જીતવો એમ ભાષામાં આવે પણ ખરેખર તો એની દૃષ્ટિમાં દ્રવ્ય આવ્યું એટલે એ જ્ઞાતાદૃષ્ટા જ છે. જ્ઞાતાદૃષ્ટામાં અનંતો પુરુષાર્થ છે.

*** જે કાળે જે પરિણામ થાય તેનો જાણનાર રહે ***

નિર્મળ પરિણામ હો કે મલિન પરિણામ હો તેના સ્વકાળે જ તે થાય છે, તે પરિણામનો તે જન્મક્ષણ છે. ખરેખર જે કાંઈ થાય છે તેનો તું જાણનાર છો, આમ કેમ થાય છે એ પ્રશ્ન જ નથી. જે કાળે જે પરિણામ થાય તેનો જાણનાર રહે. અહા પ્રભુ ! તારી ગંભીરતાનો પાર નથી, દ્રવ્યસ્વભાવ–ગુણસ્વભાવ–પર્યાયસ્વભાવ–મહા-ગંભીરસ્વભાવ છે.

*** ક્રમબદ્ધની વાત વિચારે તો બધાં ઝગડા મટી જાય ***

અરે ભાઈ ! તું વિચાર તો કર કે તું કોણ છો ? તું જ્ઞાનસ્વરૂપ છો. જે થાય તેને જાણ ! તું કરનાર નહિ, જાણનાર છો. ક્રમબદ્ધની વાત વિચારે તો બધાં ઝગડા મટી જાય. પોતે પરદ્રવ્યનો કર્તા તો નથી, રાગનો કર્તા તો નથી, નિર્મળ પર્યાયનો પણ કર્તા

નથી, અકર્તા સ્વરૂપ છે. જ્ઞાતાસ્વભાવ તરફ ઢળી જવું તેમાં જ અકર્તાપણાનો મહાન પુરુષાર્થ છે. ખરેખર તો પર્યાયને દ્રવ્ય તરફ વાળવી આ એક જ વસ્તુ છે, એ ખરેખર જૈન દર્શન છે. આહાહા ! જૈનદર્શન આકરું બહુ ! પણ અપૂર્વ છે અને તેનું ફળ મહાન છે. સિદ્ધ ગતિ એનું ફળ છે. પરનો કર્તા તો નથી, રાગનો કર્તા તો નથી પણ નિર્મળ પર્યાયનો કર્તા નથી. કેમ કે પર્યાય ષટ્કારકથી સ્વતંત્ર પરિણમે છે. એનામાં ભાવ નામની એક શક્તિ છે તેના કારણે પર્યાય થાય જ છે, કરું તો થાય એમ નથી. આહાહા ! ભાઈ ! માર્ગ આકરો છે, અચિંત્ય છે, અગમ્ય છે, અગમ્યને ગમ્ય કરાવે એવો અપૂર્વ માર્ગ છે. પર્યાય ક્રમસર થાય છે, દ્રવ્યગુણ પણ એનો કર્તા નહિ—એમ કહીને એકલી સર્વજ્ઞતા સિદ્ધ કરી છે. અકર્તાપણું એટલે કે જ્ઞાતાપણું સિદ્ધ કર્યું છે.

## * જે જીવ ક્રમબદ્ધપર્યાયને યથાર્થરૂપથી સમજે છે *<br>તેને સ્વચ્છંદતા થઈ શકે જ નહિ

જ્ઞાયકસ્વભાવ લક્ષમાં આવે ત્યારે ક્રમબદ્ધપર્યાય યથાર્થ સમજમાં આવી શકે છે, જે જીવ પાત્ર થઈને પોતાના આત્મહિત માટે સમજવા માગે છે તેને આ વાત યથાર્થ સમજમાં આવી રહે છે. જેને જ્ઞાયકની શ્રદ્ધા નથી, સર્વજ્ઞની પ્રતીત નથી, અંદરમાં વૈરાગ્ય નથી અને કષાયની મંદતા પણ નથી એવો જીવ તો જ્ઞાયક સ્વભાવના નિર્ણયનો પુરુષાર્થ છોડીને ક્રમબદ્ધના નામે સ્વછંદતાનું પોષણ કરે છે, એવા સ્વછંદી જીવની અહીં વાત નથી. જે જીવ ક્રમબદ્ધપર્યાયને યથાર્થરૂપથી સમજે છે તેને સ્વચ્છંદતા થઈ શકે જ નહિ. ક્રમબદ્ધને યથાર્થ સમજે તે જીવ તો જ્ઞાયક થઈ જાય છે, તેને કર્તૃત્વના ઊછાળા શમી જાય છે ને પરદ્રવ્યનો અને રાગનો અકર્તા થઈ જ્ઞાયકમાં એકાગ્ર થતો જાય છે.

## * મૂળ એને પુરુષાર્થ સૂઝતો નથી એટલે વાંધા આવે છે *

પર્યાય આડી-અવળી થાય એટલે એની વ્યાખ્યા શું ? મૂળ એને પુરુષાર્થ સૂઝતો નથી એટલે વાંધા આવે છે. ખરેખર તો પૂર્ણ પર્યાયે જાણ્યું છે એમ જ અહીં થાય છે—એમ નક્કી કરવા જાય ત્યાં પૂર્ણ પર્યાય જ્યાંથી નીકળી એવા શક્તિસ્વભાવ તરફ લક્ષ જાય છે ત્યાં હું પણ એવો જ સર્વજ્ઞ છું એમ પ્રતીત આવતાં જ આ વાત તેને બેઠી છે.

## * જે થાય તેનો માત્ર જાણનાર...જાણનાર ને જાણનાર જ આત્મા છે *

ચક્ષુની માફક આત્મા માત્ર જાણે-દેખે જ છે; પરને તો કરતો નથી, રાગાદિને

તો કરતો નથી, પણ સંવર–નિર્જરા ને મોક્ષના પરિણામને પણ કરતો નથી. આહાહા ! જે થાય તેનો માત્ર જાણનાર....જાણનાર ને જાણનાર જ આત્મા છે.

## * દ્રવ્ય તેની પોતાની પર્યાયને કે જે તેના જન્મક્ષણે–સ્વકાળે ક્રમબદ્ધ થવાની છે તેને આડી-અવળી કે આઘી–પાછી કરી શકે એમ પણ નથી *

દરેક પદાર્થની પર્યાય ક્રમબદ્ધ થાય છે. દરેક જીવ કે જડની પર્યાયનો જે જન્મક્ષણ છે તે જ સમયે તે પર્યાય ક્રમબદ્ધ થાય છે, તેને ઈન્દ્ર, નરેન્દ્ર, કે જિનેન્દ્ર પણ ફેરવવા સમર્થ નથી. આહાહા ! જીવ એકલો જ્ઞાતા છે. અહીં અકર્તાપણાની ઉત્કૃષ્ટતા બતાવે છે કે ઈશ્વર જગતનો કર્તા છે એ વાત તો જૂઠી છે જ અને એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કરી શકે એ પણ જુઠું છે અને તે તે દ્રવ્ય તેની પોતાની પર્યાયને કે જે તેના જન્મક્ષણે–સ્વકાળે ક્રમબદ્ધ થવાની છે તેને આડી-અવળી કે આઘી–પાછી કરી શકે એમ પણ નથી. જે સમયે જે પર્યાય ક્રમબદ્ધ થવાની છે તેને અન્ય નિમિત્તની અપેક્ષા તો નથી જ પણ એના દ્રવ્યની પણ અપેક્ષા નથી. આવી વસ્તુની સ્થિતિ છે.

## * એકાંત પુરુષાર્થબુદ્ધિ રહે તે પણ મિથ્યાત્વ છે *

એકલો પુરુષાર્થ કરું...પુરુષાર્થ કરું...કરું...કરું...કરું... એવી એકાંત પુરુષાર્થની બુદ્ધિ રહે—એકાંત પુરુષાર્થબુદ્ધિ રહે તે પણ મિથ્યાત્વ છે. પાંચ સમવાયનું ભેગું આવવું જોઈએ. તે પાંચે સમવાયનું સાથે આવે ત્યારે તે સહજરૂપ પુરુષાર્થથી સમ્યગ્દર્શનને પામે.

## * પર્યાયમાં સ્વકાળે જ મોક્ષ થાય છે, વહેલો કે મોડો થઈ શકે નહિ *

પર્યાયમાં સ્વકાળે જ મોક્ષ થાય છે, વહેલો કે મોડો થઈ શકે નહિ—એમ નક્કી કરવા જાય ત્યાં એની દૃષ્ટિ ધ્રુવ ઉપર જ જાય છે અને એમાં સ્વભાવ સન્મુખનો અનંત પુરુષાર્થ આવે છે અને ત્યારે જ પર્યાયના સ્વકાળનું સાચું જ્ઞાન થાય છે. આત્માના શ્રદ્ધા-જ્ઞાન સમ્યક્ થયા એને કાર્ય થઈ જ રહ્યું છે, પછી વહેલાં મોડાનો પ્રશ્ન જ ક્યાં છે ?

## * તું જાણનાર જ છો *

શ્રેણીબદ્ધ પર્યાય છે એટલે તું જાણનાર જ છો. જાણનાર... પૂરણ જાણનાર એટલે વિકાર કે અપૂર્ણતા શું ! એકરૂપ પરિપૂર્ણ જ છો....પરિપૂર્ણ પરમાત્મા જ છો.

## * રાગનું કર્તૃત્વ જ મિથ્યાદર્શન છે *

જ્ઞાનમાં ખરેખર તો રાગ જણાય છે. ત્યાં અજ્ઞાની માની બેસે છે કે મેં રાગ કર્યો; એ રાગનું કર્તૃત્વ જ મિથ્યાદર્શન છે.

## * ક્રમબદ્ધમાં અકર્તાપણું *

શ્રોતા :—ક્રમબદ્ધમાં ક્રમબદ્ધની વિશેષતા છે કે દ્રવ્યની ?

પૂજ્ય ગુરુદેવ :—ક્રમબદ્ધમાં જ્ઞાયકદ્રવ્યની વિશેષતા છે. ક્રમબદ્ધમાં અકર્તાપણું સિદ્ધ કરીને જ્ઞાયકપણું બતાવવું છે.

## * ક્રમબદ્ધનું ફળ *

પર્યાયબુદ્ધિ છોડકર જ્ઞાયકકી પ્રતીત કરના વહ ક્રમબદ્ધકા ફલ હૈ.

## * સિદ્ધની જેમ તું પણ જાણનાર દેખનાર જ છો *

સિદ્ધ છે તે જાણનાર-દેખનાર છે તેમ તું પણ જાણનાર દેખનાર જ છો. અધૂરા પૂરાનો પ્રશ્ન જ નથી. જાણનાર-દેખનારથી જરીક ખસ્યો એટલે કર્તૃત્વમાં જ ગયો એટલે સિદ્ધથી જુદો પડ્યો. એક ક્ષણ સિદ્ધથી જુદો પડે તે મિથ્યાદૃષ્ટિ છે તે યથાર્થ વાત છે.

## * કરું કરુંની દૃષ્ટિ જ છોડવાની છે *

કરવા-ફરવાનું છે જ ક્યાં ? કરું કરુંની દૃષ્ટિ જ છોડવાની છે. રાગને કરવાનું તો છે જ નહિ પણ આત્મામાં અનંતા ગુણ છે તેનું પરિણમન પણ સમયે સમયે થઈ જ રહ્યું છે તેને પણ કરે શું ? ફક્ત તેના ઉપરથી દૃષ્ટિ છોડીને અંદરમાં જવાનું છે.

## * અકર્તાપણું *

પરની પર્યાય તો જે થવાવાળી છે તે થાય જ છે, તેને હું શું કરું ? અને મારામાં જે રાગ આવે છે તેને હું શું લાવું ? અને મારામાં જે શુદ્ધ પર્યાય આવવાની તેને કરું—લાવું એવા વિકલ્પથી પણ શું ? પોતાની પર્યાયમાં થવાવાળો રાગ અને થવાવાળી શુદ્ધ પર્યાયના કર્તૃત્વનો વિકલ્પ એ સ્વભાવમાં છે જ નહિ. અકર્તાપણું આવવું એ જ મોક્ષમાર્ગનો પુરુષાર્થ છે.

## * જાણનારો તું છો તેમ જાણ *

અહો ! આ આત્મા સર્વજ્ઞસ્વભાવી જ છે. જાણવું...જાણવું....જાણવું....જ જેના

અંતરતળમાં ભર્યું છે, જેના અસ્તિત્વની સત્તામાં આ દેહ–વાણી–મન–વિકલ્પો આદિ બધું જણાય છે એ જાણનારો તું છો તેમ જાણ–વિશ્વાસ કર ને કર્તાબુદ્ધિ છોડી દે !.

### * ખરેખર તો પર્યાય પર્યાયની લાયકાતના કારણે થાય છે *

ખરેખર તો વિકારી પર્યાય પર્યાયને કારણે થાય છે. જ્ઞાયક પ્રભુ એનો પણ જાણનાર-દેખનાર છે, અને સંવર-નિર્જરાની પર્યાય પણ પર્યાયને કારણે થાય છે અને મોક્ષની પર્યાય પણ પર્યાયને કારણે થાય છે. મોક્ષમાર્ગને કારણે મોક્ષ થાય છે–એમ કહેવું એ પણ વ્યવહાર છે. ખરેખર તો પર્યાય પર્યાયની લાયકાતના કારણે થાય છે.

### * ક્રમબદ્ધમાં પુરુષાર્થ ઊડી જાય એવો અજ્ઞાનીને ડર લાગે છે *

ક્રમબદ્ધમાં પુરુષાર્થ ઊડી જાય એવો અજ્ઞાનીને ડર લાગે છે. પણ ખરેખર તો ક્રમબદ્ધ માને તેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય છે. એમાં જ પુરુષાર્થ છે. ક્રમબદ્ધ માનતાં ફેરફારની દૃષ્ટિ છૂટી જાય ને સામાન્યદ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય એ જ પુરુષાર્થ છે. ક્રમબદ્ધ નક્કી કરવા જાય ત્યાં હું પરનું કરી દઉં, વ્યવહારથી નિશ્ચય થાય એ બધું ઊડી જાય ને અંદર ઠરી જવાનો રસ્તો થાય.

### * પોતામાં પણ કાંઈ ફેરફાર કરવો નથી, * જેમ વ્યવસ્થિત કાર્ય થાય છે તેમ જાણે છે

જુઓ એક વિચાર સવારે આવ્યો હતો. આત્મા જ્ઞાનસ્વરૂપ છે, એની કેવળજ્ઞાન આદિ પાંચ પર્યાયો છે. કેવળજ્ઞાન પોતાના ગુણના વ્યવસ્થિત કાર્યને જાણે છે, તેમ મતિજ્ઞાન પણ પોતાના ગુણના વ્યવસ્થિત કાર્યને જાણે છે, પરના કાર્યને પણ વ્યવસ્થિત જાણે છે. તેમ શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન પણ પોતાના ગુણના વ્યવસ્થિત કાર્યને જાણે છે અને પરના કાર્યને પણ વ્યવસ્થિત જાણે છે. વ્યવસ્થિત જાણવું એ જ એનો સ્વભાવ છે. આત્મા એકલો જ્ઞાનસ્વરૂપ છે એટલે એની પર્યાય, ગુણ અને દ્રવ્ય બસ જાણનાર જ છે, ફેરફાર કરનાર નથી. પોતામાં પણ કાંઈ ફેરફાર કરવો નથી. જેમ વ્યવસ્થિત કાર્ય થાય છે તેમ જાણે છે. આહાહા ! જુઓ તો ખરા ! વસ્તુ જ આમ છે. અંદરમાં તો ખૂબ ગંભીરતાથી ચાલતું હતું પણ કહેવામાં તો...

### * પર્યાય જે કાળે જે ક્ષેત્રે તેના જન્મક્ષણે * ષટ્કારકથી પરિણમે છે તેને કોણ કરે ને કોણ ફેરવે ?

જે પરમાણુની પર્યાય જે કાળે જે ક્ષેત્રે તેના જન્મક્ષણે ષટ્કારકથી પરિણમે છે

તેને કોણ કરે ને કોણ ફેરવે? આ રીતે જ દરેક દ્રવ્યનું સ્વતંત્ર પરિણમન છે. ખરેખર તો સ્વદ્રવ્ય પરદ્રવ્યને અડતું જ નથી. આત્મા શરીરને અડતો જ નથી કે હાથ-પગને હલાવતો નથી. શરીર જમીનને અડતું જ નથી. આવી વસ્તુની સ્વતંત્રતા છે. આવી સ્વતંત્રતાની હા પાડતાં, લત પડતાં હાલત થાય છે.

## * એ તો મૂળ ચીજ છે *

શ્રોતા :—એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ અને દરેક દ્રવ્યની પર્યાય ક્રમબદ્ધ જ થાય એ ઉપર આપ બહુ ભાર આપો છો તો એ સમ્યગ્દર્શનનું કારણ છે?

પૂજ્ય ગુરુદેવ :—હા, એ તો મૂળ ચીજ છે. આ બે વાતનો નિર્ણય થતાં દૃષ્ટિ દ્રવ્ય તરફ વળે છે.

## * પોતામાં ક્રમસર થતી પર્યાયને પણ આઘી-પાછી કરી શકતો નથી *

આત્મા પરદ્રવ્યની પર્યાય તો આઘી-પાછી કરી શકતો નથી પણ પોતામાં ક્રમસર થતી પર્યાયને પણ આઘી-પાછી કરી શકતો નથી, માત્ર જાણનાર જ્ઞાતા જ છે. દયા-દાન-પૂજા-ભક્તિનો રાગ થાય તેને પરજ્ઞેય તરીકે જાણે છે. આંખ દેખવા સિવાય શું કરી શકે? તેમ જ્ઞાન જાણવા સિવાય શું કરી શકે?

## * જ્ઞાતાપણું થવું તે ક્રમબદ્ધનું પ્રયોજન છે *

જે સમયે જે પર્યાય થવાની છે તે થવાની જ છે એ નિશ્ચય છે—એમાં અજ્ઞાનીને શંકા થાય છે કે એમ માનતા તો નિયત થઈ ગયું? અરે! નિયત એટલે નિશ્ચય છે અને પર્યાયના નિશ્ચયથી પર્યાયની ને પરની કર્તાબુદ્ધિ છૂટી જાય છે એટલે જ્ઞાતાદૃષ્ટિ થાય છે અને જ્ઞાતાપણું થવું તે ક્રમબદ્ધનું પ્રયોજન છે.

## * જે કાળે જે પર્યાય થવાની તે પર્યાય પોતાના * ષટ્કારકની ક્રિયાથી સ્વતંત્ર થવાની

એક સમયની પર્યાય સત્ છે, સ્વતંત્ર છે, જે કાળે જે પર્યાય થવાની તે પર્યાય પોતાના ષટ્કારકની ક્રિયાથી સ્વતંત્ર થવાની, પણ એનો નિર્ણય કઈ રીતે થાય? એ નિર્ણયનું તાત્પર્ય શું? વીતરાગતા તાત્પર્ય છે. એ વીતરાગતા ક્યારે થાય?—કે એનું લક્ષ ને દૃષ્ટિ પર્યાયના કર્તાપણાની બુદ્ધિથી, પર્યાયના ફેરફાર કરવાની બુદ્ધિથી ખસીને ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક ઉપર જાય ત્યારે નિઃસંદેહ નિર્ણય થતાં પરિણામમાં અંશે નિર્મળતા ને વીતરાગતા થાય. એ સાચા નિર્ણયનું ફળ ને તાત્પર્ય છે. આહાહા! શું વીતરાગની

વાણી ! ચારેકોરથી એક સત્ જ ઊભું થાય છે.

## * ફેરવવું ને ન ફેરવવું શું ? જેમ છે તેમ છે *

શ્રોતા :—જીવ રાગ-દ્વેષની પર્યાયને ન ફેરવી શકે, પણ શ્રદ્ધાની પર્યાયને ફેરવી શકે એમ ને ?

પૂજ્ય ગુરુદેવ :—બધી પર્યાયને ફેરવી શકે; ન ફેરવી શકાય એમ નક્કી કરવા જાય ત્યાં દૃષ્ટિ સ્વભાવ ઉપર જાય છે ત્યાં પર્યાયની દિશા જ આખી ફરી જાય છે. જ્ઞાનસ્વભાવ છું એમ નિર્ણય કર્યો ત્યાં બધું જેમ છે તેમ છે, ફેરવવું ને ન ફેરવવું શું ? જેમ છે તેમ છે. નિયતનો નિશ્ચય કરવા જાય ત્યાં જ સ્વભાવનો પુરુષાર્થ સાથે જ છે અને રાગ પણ મંદ પડી ગયો છે. જ્ઞાનસ્વભાવ છું એમ નક્કી થઈ ગયું પછી બધું જેમ છે તેમ છે. ગ્રહવા યોગ્ય બધું ગ્રહાઈ ગયું ને છોડવા યોગ્ય બધું છૂટી ગયું. જ્ઞાતાનો પુરુષાર્થ ચાલુ જ છે. રાગ ઘટતો જાય છે એટલે પૂર્ણ વીતરાગતા થઈ જશે.

## * તે સમયની જ્ઞાનપર્યાય ષટ્કારકથી સ્વતંત્ર થઈ છે *

દરેક પર્યાય સત્ છે, સ્વતંત્ર છે, એને પરની અપેક્ષા નથી. રાગનો કર્તા તો આત્મા નહિ પણ રાગનું જ્ઞાન કહેવું એ વ્યવહાર છે અને જ્ઞાન-પરિણામને આત્મા કરે એમ કહેવું એ પણ વ્યવહાર છે. ખરેખર તો તે સમયની જ્ઞાનપર્યાય ષટ્કારકથી સ્વતંત્ર થઈ છે.

## * જે પર્યાય થવાવાળી છે તેને કરવું શું ? *

જે પર્યાય થવાવાળી છે તેને કરવું શું ? અને જે નહિ થવાવાળી છે તેને પણ કરવું શું ? એવો નિશ્ચય કરતાં જ કર્તૃત્વબુદ્ધિ તૂટીને સ્વભાવ સન્મુખ થઈ જાય છે. સર્વજ્ઞ ત્રિકાળીને જાણનાર–દેખનાર છે એમ હું પણ ત્રિકાળીને જાણવા-દેખવાવાળો જ છું. એવા ત્રિકાળી જ્ઞાયકસ્વભાવનો નિશ્ચય કરવો એ જ સમ્યગ્દર્શન છે.

## * કરવાની બુદ્ધિ છૂટી જાય એ ક્રમબદ્ધનું પ્રયોજન છે *

કરવાની બુદ્ધિ છૂટી જાય એ ક્રમબદ્ધનું પ્રયોજન છે. ક્રમબદ્ધમાં કર્તૃત્વબુદ્ધિ છૂટી જાય છે. પરમાં તો કાંઈ કરી શકતો જ નથી અને પોતામાં પણ જે થવાનું છે તે થાય છે એટલે પોતામાં પણ રાગ થવાનો છે તે થાય છે એને કરવો શું ? રાગમાંથી પણ કર્તૃત્વબુદ્ધિ છૂટી ગઈ, ભેદ અને પર્યાય ઉપરથી પણ દૃષ્ટિ છૂટી ગઈ ત્યારે ક્રમબદ્ધની પ્રતીતિ થઈ. ક્રમબદ્ધની પ્રતીતિમાં તો જ્ઞાતાદૃષ્ટા થઈ ગયો. નિર્મળ પર્યાય

કરું એવી બુદ્ધિ પણ છૂટી ગઈ. રાગને કરું એ વાત તો ક્યાં રહી? પણ જ્ઞાન કરું એ બુદ્ધિ પણ છૂટી જાય છે. કર્તૃત્વબુદ્ધિ છૂટી જાય અને એકલું જ્ઞાન રહી જાય છે. જેને રાગને કરવો છે, રાગને અટકાવવો છે, તેને એ ક્રમબદ્ધની વાત બેઠી જ નથી. રાગને કરવો અને રાગને છોડવો એ પણ આત્મામાં નથી. આત્મા એકલો જ્ઞાનસ્વરૂપ છે.

## * સર્વજ્ઞ ભગવાન પણ પોતાની ક્રમસર જે * પર્યાય થવાની તેના કર્તા નથી, જાણનાર છે

જેમ માળામાં મણકા જે સ્થાને છે તે સ્થાને જ છે, આગળ-પાછળ થઈ જાય તો માળા એકરૂપ અખંડ નથી રહેતી, તેમ જે સમયે જે જન્મક્ષણે જે ક્રમબદ્ધપર્યાય થવાની તે જ થવાની, બીજા સમયની પર્યાય પહેલાં થાય ને પહેલાં સમયની પર્યાય પછી થાય એમ છે જ નહીં. જે સમયે જે પર્યાય થવાની છે તેને કાળલબ્ધિ કહેવામાં આવે છે. પ્રવચનસારમાં તેને જન્મક્ષણ કહે છે તથા પ્રવચનસારની ૯૯મી ગાથામાં પોતપોતાના અવસરે પર્યાય થાય છે એમ પાઠ છે. સર્વજ્ઞ ભગવાન પણ પોતાની ક્રમસર જે પર્યાય થવાની તેના કર્તા નથી, જાણનાર છે.

## * સ્વનું પણ કાંઈ પલટાવવું નથી *

ભાઈ! તું જ્ઞાયક જ છો એમ નિર્ણય લાવ! જ્ઞાયક જ છો પણ એ જ્ઞાયકનો નિર્ણય કરવાનો છે. પુરુષાર્થ કરું...કરું પણ એ પુરુષાર્થ તો દ્રવ્યમાં ભર્યો છે તો એ દ્રવ્ય ઉપર લક્ષ જાય ત્યાં પુરુષાર્થ પ્રગટે છે, પણ એને કરું..કરું...કરીને કાંઈક નવીન કાર્ય કરવું છે. પણ જ્યારે દ્રવ્ય ઉપર લક્ષ જાય છે ત્યારે બધું જેમ છે તેમ જાણે છે. પરનું તો કાંઈ પલટાવવું નથી અને સ્વનું પણ કાંઈ પલટાવવું નથી. સ્વનો નિર્ણય કરતાં દિશા જ પલટી જાય છે. ખરેખર તો પરોક્ષ જ્ઞાન છે તે પણ જાણનાર જ છે.

શ્રોતા :—પરોક્ષ જ્ઞાન તો હીણું ને ઊણું છે ને?

પૂજ્ય ગુરુદેવ :—પરોક્ષ જ્ઞાન-મતિશ્રુત પણ જાણનાર જ છે. જે કાંઇ છે તેને જાણે જ છે. વિકલ્પને જાણે છે, હીણપને જાણે છે, ઊણપને જાણે છે.

શ્રોતા :—કોણ જાણે છે? ઊણું જ્ઞાન ને?

પૂજ્ય ગુરુદેવ :—જ્ઞાન ઊણું છે એમ પણ એ જ્ઞાન જાણે છે. જે છે તેને તે જ જ્ઞાન તેમ જાણે છે. 'જાણેલો પ્રયોજનવાન છે' એ સમયસારની ૧૨ મી ગાથાનો શબ્દ છે તે ગજબ વાત છે.

## * વિકલ્પ પણ ક્રમસર થાય છે *

વિકલ્પનો ભાગ પણ ક્રમસર થાય છે, પણ જ્યાં તેના કાળક્રમે નીકળે છે ત્યાં મેં કર્યો એમ એને ભ્રમ પડી જાય છે.

## * દરેક પર્યાય ક્રમબદ્ધ થાય--એ વાત સમજવામાં મહા પુરુષાર્થ છે *

આકુળતામય શુભાશુભ ભાવથી ભિન્ન તારો નિરાકુળ જ્ઞાયકસ્વભાવ છે. તેને અનુભવવાનો પ્રબળ પુરુષાર્થ કર. એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શે નહીં, પદાર્થની દરેક સમયની પર્યાય ક્રમબદ્ધ થાય—એ વાત સમજવામાં મહા પુરુષાર્થ છે. પ્રભુ ! ક્રમબદ્ધ થતી પર્યાયને પરની તો અપેક્ષા નથી પણ પોતાના દ્રવ્ય-ગુણની પણ અપેક્ષા નથી—એવા તત્ત્વને સમજમાં લે તો તારા ભવભ્રમણનો અંત આવશે. આ એક જ કરવા જેવું છે.

## * ક્રમબદ્ધની શ્રદ્ધામાં અકર્તાપણું આવે છે *

શ્રદ્ધા એવી હોય કે રાગને ઘટાડે, જ્ઞાન એવું હોય કે રાગને ઘટાડે, ચારિત્ર એવું હોય કે રાગને ઘટાડે. શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે. ક્રમબદ્ધની શ્રદ્ધા પણ એને કહેવાય કે જે રાગને ઘટાડે. ક્રમબદ્ધની શ્રદ્ધામાં અકર્તાપણું આવે છે. જે થાય તેને કરે શું ? જે થાય તેને જાણે છે. જાણનાર રહેતાં, જ્ઞાતા રહેતાં, રાગ ટળતો જાય છે ને વીતરાગતા વધતી જાય છે. વીતરાગતા વધવી તે જ શાસ્ત્રનું તાત્પર્ય છે.

## * એમ ભગવાનનો પોકાર છે *

સિદ્ધાંત તો એમ કહે છે કે છએ દ્રવ્યની પર્યાયનો જન્મક્ષણ હોય છે, જે સમયે પર્યાય થવાનો કાળ છે તે જ સમયે પર્યાય થાય છે. એ પર્યાય પરદ્રવ્યથી ન થાય, નિમિત્તથી ન થાય, પોતાના દ્રવ્યથી પણ ન થાય, પણ પર્યાયની યોગ્યતારૂપ જન્મક્ષણે સ્વકાળથી પર્યાય થાય છે એમ ભગવાનનો પોકાર છે ને અનંત દ્રવ્યોનો આવો જ સ્વભાવ છે.

## * તારી જે સમયે જે પર્યાય થાય તેનો તું કર્તા કેમ થાય છે ? *

જીવને જે સમયે જે પર્યાય થવાની હોય તે જ થાય અને જે પર્યાય થાય તેનો તે ઉત્પત્તિનો કાળ છે, તે જન્મક્ષણ છે, તે કાળલબ્ધિ છે. જે પર્યાય થાય તેને વ્યયની અપેક્ષા નથી, નિમિત્તની અપેક્ષા નથી ને દ્રવ્ય-ગુણની પણ અપેક્ષા નથી, પર્યાયના ષટ્કારકો વડે તે પર્યાય સ્વતંત્ર ઉત્પન્ન થાય છે. તેથી તારી જે સમયે જે પર્યાય થાય, બાપુ ! તેનો તું કર્તા કેમ થાય છે ? એક પછી એક ક્રમે અને નિશ્ચયથી જે પર્યાય

થવાની હોય તે જ થાય, બીજે સમયે જે પર્યાય થવાની હોય તે થાય, એમ અનાદિ અનંત ક્રમસર નિશ્ચિતપણે પર્યાયો થાય છે.

## * પર્યાયનું આવું સ્વતંત્ર સામર્થ્ય છે *

ભાઈ ! તું શરીર-વાણી-મન ને રાગને ભૂલી જા, તે તારામાં નથી. અરે ! તારી નિર્મળ પર્યાયને પ્રગટ થવામાં દ્રવ્ય-ગુણની અપેક્ષા નથી, પૂર્વની પર્યાયના વ્યયની અપેક્ષા નથી ત્યાં વ્યવહારથી થાય એ વાત ક્યાં રહી ? પર્યાયનું આવું સ્વતંત્ર સામર્થ્ય છે. પર્યાય સ્વતંત્ર જ થાય છે એમ નક્કી કરતાં તેનું લક્ષ ક્યાં જાય ?—કે દ્રવ્ય તરફ જ લક્ષ જાય અને તેનું નામ જ પુરુષાર્થ છે. દ્રવ્ય તરફ લક્ષ જતાં જ્ઞાનમાં દ્રવ્યનું જ્ઞાન આવે પણ દ્રવ્ય આવતું નથી. સત્‌નો જેને નિર્ણય થાય તેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જ જાય. આ જ કરવાનું છે, બાકી બધું તો ધૂળ-ધાણી છે.

## ક્રમબદ્ધ જાણનાર જ્ઞાનની જે પર્યાય થાય તે પણ ક્રમસર છે

જગતની જે ચીજ જે કાળે જેમ પરિણમવાની છે તે તેમ જ પરિણમશે, તેનો તો જીવ કર્તા નથી પરંતુ જે પર્યાય થાય—નિર્મળ પર્યાય થાય તેનો પણ કર્તા નથી. તે પર્યાય પણ ક્રમબદ્ધ થાય છે. ચૈતન્યને જાણતું જે જ્ઞાન પ્રગટ થાય છે તે પણ ક્રમબદ્ધ થાય છે, તેનો કર્તા પણ ધ્રુવતત્ત્વ નથી. પોતે જ્ઞાનસ્વરૂપ છે એવી દૃષ્ટિ થતાં તે કાળે બાહ્યમાં જગતના જે પરિણામ થાય છે તે ક્રમબદ્ધ થાય છે તેમ તે જાણે છે ને તે જાણવાની પર્યાય પણ ક્રમબદ્ધ થાય છે, તેનો પણ ત્રિકાળી જીવ કર્તા નથી. જગતના પરિણામ—ક્રિયા તો ક્રમબદ્ધ છે જ પણ સ્વરૂપની દૃષ્ટિ કરતાં જગતના પરિણામને ક્રમબદ્ધ જાણનાર જ્ઞાનની જે પર્યાય થાય તે પણ ક્રમસર છે તેમ સમ્યગ્જ્ઞાની જાણે છે.

## * અંતરની આ વાત જેને ખ્યાલમાં ન આવે તેને ક્યાંક પરમાં કે * પર્યાયમાં ફેરફાર કરવાનું મન થાય છે

સ્વ કે પર કોઈ દ્રવ્યને, કોઈ ગુણને કે કોઈ પર્યાયને ફેરવવાની બુદ્ધિ જ્યાં ન રહી ત્યાં જ્ઞાન જ્ઞાનમાં જ ઠરી ગયું, એકલો વીતરાગી જ્ઞાતાભાવ જ રહી ગયો, તેને અલ્પકાળમાં મુક્તિ થાય જ. બસ ! જ્ઞાનમાં જ્ઞાતાદ્રષ્ટાપણું રહેવું તે જ સ્વરૂપ છે, તે જ બધાનો સાર છે. અંતરની આ વાત જેને ખ્યાલમાં ન આવે તેને ક્યાંક પરમાં કે પર્યાયમાં ફેરફાર કરવાનું મન થાય છે; જ્ઞાતાભાવને ચૂકીને ક્યાંય પણ ફેરફાર કરવાની બુદ્ધિ તે મિથ્યા બુદ્ધિ છે.

* * *

# પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ એટલે....!!

★ પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ એટલે આત્માર્થીને સમ્યગ્દર્શનનો જન્મ.
★ પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ એટલે આત્માર્થીને પરિણામોની ઉજ્જવળતાનો જન્મ.
★ પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ એટલે આત્માર્થીને મનુષ્ય જન્મની સફળતાનો જન્મ.
★ પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ એટલે આત્માર્થીને મરણભયથી નિર્ભયતાનો જન્મ.
★ પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ એટલે આત્માર્થીને મૃત્યુ-મહોત્સવની સફળતાનો જન્મ.
★ પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ એટલે આત્માર્થીને પરદ્રવ્યોથી ઉપેક્ષાની બુદ્ધિનો જન્મ.
★ પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ એટલે આત્માર્થીને સ્વદ્રવ્યની અંતર્મુખતાનો જન્મ.
★ પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ એટલે આત્માર્થીને જૈન શાસનની સત્યતાનો જન્મ.
★ પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ એટલે આત્માર્થીને જૈન શાસનની ઉન્નતિનો જન્મ.
★ પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ એટલે આત્માર્થીને વીતરાગીદેવને ઓળખવાનો જન્મ.
★ પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ એટલે આત્માર્થીને પંચમકાળને ચતુર્થકાળરૂપે અનુભવવાનો જન્મ.
★ પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ એટલે આત્માર્થીને દેહ-ધન-કુટુમ્બની મમતાના ત્યાગનો જન્મ.
★ પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ એટલે આત્માર્થીને સાધર્મીવાત્સલ્યનો જન્મ.
★ પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ એટલે આત્માર્થીને આલોક-પરલોકના ભયથી નિર્ભયતાનો જન્મ.
★ પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ એટલે આત્માર્થીને અકસ્માતભયોથી મુક્તિનો જન્મ.
★ પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ એટલે આત્માર્થીને પાપોદયકાળે શૂરવીરતાનો જન્મ.
★ પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ એટલે આત્માર્થીને પુણ્યોદયકાળે નિર્મળતાનો—કોમળતાનો જન્મ.
★ પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ એટલે આત્માર્થીને લોકોત્તર ન્યાય-નીતિ-પ્રમાણિકતાનો જન્મ.
★ પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ એટલે આત્માર્થીને લૌકિક ન્યાય-નીતિ-પ્રમાણિકતાનો જન્મ.
★ પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ એટલે આત્માર્થીને ત્રણલોક ત્રણ કાળના વિજ્ઞાનનો જન્મ.
★ પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ એટલે આત્માર્થીને બાહ્ય વિજ્ઞાન-વિભૂતિથી નિર્મોહતાનો જન્મ.
★ પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ એટલે આત્માર્થીને સંસાર-બંધનોથી છૂટવાની નિશંકતાનો જન્મ.
★ પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ એટલે આત્માર્થીને મોક્ષપ્રાપ્તિના ભણકારાનો જન્મ.
★ પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ એટલે આત્માર્થીને આત્મ-ઉન્નતિનો જન્મ.
★ પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ એટલે આત્માર્થીને નિજદોષદર્શનનો જન્મ.
★ પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ એટલે આત્માર્થીને અકર્તાપણાનો જન્મ.

★ પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ એટલે આત્માર્થીને ધનાદિમાં નિર્લોભતાનો જન્મ.
★ પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ એટલે આત્માર્થીને ત્યાગવૃત્તિનો જન્મ.
★ પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ એટલે આત્માર્થીને ક્રમબદ્ધના સિદ્ધાંતથી અકર્તાદૃષ્ટિનો જન્મ.
★ પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ એટલે આત્માર્થીને અતીન્દ્રિય આનંદના આસ્વાદનનો જન્મ.
★ પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ એટલે આત્માર્થીને ઇન્દ્રિયસુખોથી વિરક્તિનો જન્મ.
★ પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ એટલે આત્માર્થીને ચારગતિના ભીષણ દુઃખોથી છૂટકારાનો જન્મ.
★ પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ એટલે આત્માર્થીને સર્વજ્ઞતાની શ્રદ્ધા પ્રગટ થવાનો જન્મ.
★ પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ એટલે આત્માર્થીને મુનિઓની સાધકદશાની ભાવનાનો જન્મ.
★ પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ એટલે આત્માર્થીને જગત આખાથી નિસ્પૃહ-ભાવનાનો જન્મ.
★ પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ એટલે આત્માર્થીને કાળલબ્ધિનો જન્મ.
★ પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ એટલે આત્માર્થીને ઉપાદાનગત યોગ્યતાનો જન્મ.
★ પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ એટલે આત્માર્થીને નિમિત્તોથી અપ્રભાવી થવાની ભાવનાનો જન્મ.
★ પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ એટલે આત્માર્થીને સાધર્મીજનોના ગુણગ્રાહીપણાનો જન્મ.
★ પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ એટલે આત્માર્થીને ધ્રુવશક્તિ-સામર્થ્યભાવમાં વિશ્વાસનો જન્મ.
★ પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ એટલે આત્માર્થીને ક્ષણિકભાવો પ્રત્યે ઉદાસીનતાનો જન્મ.
★ પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ એટલે આત્માર્થીને પ્રાપ્તવૈભવ પ્રત્યે નિસ્પૃહતાનો જન્મ.
★ પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ એટલે આત્માર્થીને પદાર્થમાત્રની સ્વતંત્રતાના શંખનાદનો જન્મ.
★ પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ એટલે આત્માર્થીને પામર જીવોની પરમેશ્વરતાના પોકારનો જન્મ.
★ પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ એટલે આત્માર્થીને માનવજીવનના મૂલ્યાંકનનો પવિત્ર જન્મ.
★ પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ એટલે આત્માર્થીને સત્સંગની મહત્તાની સમજણનો જન્મ.
★ પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ એટલે આત્માર્થીને ગુરુ મળ્યાથી આત્મા મળ્યાના સંતોષનો જન્મ.
★ પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ એટલે આત્માર્થીને ઇન્દ્રિયાધિન પરાધીન જ્ઞાનોથી નિવૃત્તિનો જન્મ.
★ પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ એટલે આત્માર્થીને જન્મમરણના ચક્કરમાંથી છૂટવાની ભાવનાનો જન્મ.
★ પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ એટલે આત્માર્થીને જગતની વિભૂતિની તૃષ્ણાના નિર્મૂળ નાશનો જન્મ.
★ પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ એટલે આત્માર્થીને ઉત્તમ ક્ષમા આદિ દશ ધર્મની ભાવના જાગૃતિનો જન્મ.

★ પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ એટલે આત્માર્થીને પરસન્મુખના પરિણામનો પ્રવાહ રોકી આત્મ-સન્મુખ પરિણામનો પ્રવાહ થવાનો જન્મ.

★ પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ એટલે આત્માર્થીને અંતરમાં રહેલી અનંતી શક્તિઓના સામર્થ્યના પ્રકાશનો જન્મ.

★ પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ એટલે આત્માર્થીને ક્રમબદ્ધતાના સિદ્ધાંતથી પોતાને થતા રાગાદિના ઉપેક્ષા કરાવી અકર્તાપણાનો જન્મ.

★ પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ એટલે આત્માર્થીને જડ એવા પરમાણુની પણ પરમેશ્વરતાની પ્રસિદ્ધિનો જન્મ.

★ પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ એટલે આત્માર્થીને ભૂલાયેલી શાશ્વત નિધિ-સંપદાની પ્રાપ્તિનો જન્મ.

★ પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ એટલે આત્માર્થીને જિનવાણીની સ્વાધ્યાય, શ્રવણમનન, ચિંતવન લગનીનો જન્મ.

★ પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ એટલે આત્માર્થીને સાચા દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિ-અર્પણતાનો જન્મ.

★ પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ એટલે આત્માર્થીને કુદેવ-કુશાસ્ત્ર-કુગુરુના પંજામાંથી છૂટવાનો જન્મ.

★ પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ એટલે આત્માર્થીને દેવ-શાસ્ત્ર-ગુરુના અવિનય-અશાતનાના પાપોથી છૂટવાનો જન્મ.

★ પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ એટલે આત્માર્થીને અન્ય મુમુક્ષુના ધર્મસાધનમાં અંતરાયથી ઉગરવાનો જન્મ.

★ પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ એટલે આત્માર્થીને અન્ય જીવો પ્રત્યે દ્વેષ, ક્રોધ, રોષ, અદેખાઈ આદિથી ઉગરવાનો જન્મ.

★ પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ એટલે આત્માર્થીને સાધર્મિકગુરુભાઈઓ પ્રત્યે પ્રેમ-વાત્સલ્ય ભાવનાનો જન્મ.

★ પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ એટલે આત્માર્થીને સર્વ જીવો સાચું સુખ અને ધર્મ પામે તેવી ભાવનાનો જન્મ.

**આત્માર્થીના જીવનશિલ્પી પૂજ્ય ગુરુદેવનો જય હો !**

# "જે જ્ઞેયાકાર થાય છે તે જ્ઞાનાકાર પોતાનો જ છે"

(શ્રી સમયસારજી ગાથા–૬ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું અદ્ભુત પ્રવચન)

બળવાયોગ્ય પદાર્થના આકારે થવાથી અગ્નિને દહન કહેવાય છે તોપણ દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી......અગ્નિ જાણે પરને બાળતો હોય એમ લાગે છે તેથી તેને દહન કહેવાય છે. અગ્નિ બળવાયોગ્ય પદાર્થના આકારે થાય છે તે બળવાયોગ્ય પદાર્થના કારણે થઈ નથી. અગ્નિ પોતે જ પોતાના સ્વભાવથી તે આકારે થઈ છે. તેમાં તેને પરપદાર્થની પરાધીનતા નથી.

તેવી રીતે જ્ઞેયાકાર થવાથી તે ભાવને 'જ્ઞાયકપણું' પ્રસિદ્ધ છે તોપણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી. જ્ઞેયાકાર થાય છે તે જ્ઞાનાકાર પોતાનો છે. જે જ્ઞાયક છે તે પોતાને જાણે છે અને બીજી ચીજને પણ જાણે છે માટે તે જ્ઞાયકપણે પ્રસિદ્ધ છે, તે જ્ઞાયકપણું તેના પોતાના સ્વભાવથી જ છે, પરથી નથી. જણાવાયોગ્ય પદાર્થના કારણે જાણનારનું જ્ઞાન નથી. સ્વનું જ્ઞાન તો પોતાથી થાય છે પણ પરનું જ્ઞાન પણ પોતાથી થાય છે. રાગ થાય છે તે સંબંધીનું જ્ઞાન પણ પોતાથી થાય છે, રાગના કારણે નહિ. સ્વના પ્રકાશકપણાની શક્તિને કારણે જ્ઞાન સર્વને પ્રકાશે છે તેથી જ્ઞેયને જાણતાં જ્ઞાનમાં અશુદ્ધતા કે પરાધીનતા થઈ છે–એમ નથી.

રાગનું જ્ઞાન થાય છે તેને રાગનું કહેવું એ વ્યવહાર છે કારણ કે જ્ઞાન તો પોતાનું છે, જ્ઞાન કાંઈ રાગનું થઈ ગયું નથી. રાગને જાણવાથી જ્ઞાનમાં કાંઈ અશુદ્ધિ આવી જતી નથી. સ્વને જાણનાર જ્ઞાન અને પરને જાણનાર જ્ઞાન એ જ્ઞાયકનું સ્વ-પરપ્રકાશકજ્ઞાન છે તે કાર્ય છે અને આત્મા તેનો કર્તા છે.

આચાર્યદેવ કહે છે કે મારો અને પરનો મોહ હણાવા માટે હું આ કહું છું. હું મુનિ છું–આચાર્ય છું પણ હજુ અશુદ્ધતાનો અંશ અનાદિનો છે તેના નાશ માટે હું આ ટીકાની રચના કરું છું. તેનો અર્થ એવો છે કે ટીકાના કાળમાં પણ મારું લક્ષનું જોર દ્રવ્ય ઉપર છે તેથી અશુદ્ધિનો મૂળમાંથી નાશ થશે.

આચાર્યદેવ પોતે કહે છે કે હું જે આ સમયસાર કહીશ તે ભાવસ્તુતિ અને દ્રવ્યસ્તુતિથી કહીશ અને ભાવવચન તથા દ્રવ્યવચનથી કહીશ. શ્રોતાના હૃદયમાં તો

અનંત સિદ્ધોને સ્થાપ્યા છે તેમાં દ્રવ્યસ્તુતિ અને ભાવસ્તુતિ કહી નથી. ત્યાં તો માત્ર સિદ્ધની સ્થાપના કરી છે. તેમાં પણ જે લાયક શિષ્ય સિદ્ધને અંતરમાં સ્થાપે છે તેણે સ્થાપ્યા કહેવાય. તેણે અનંત સિદ્ધોને વંદન કર્યા કહેવાય. જેને સિદ્ધ થવું છે તેને સાધ્યના સ્થાને સિદ્ધ છે તેથી તેનું વલણ સિદ્ધ દશા તરફ જશે જ અને સિદ્ધપણું પ્રગટ થશે જ. માટે પ્રથમથી હું મારા હૃદયમાં સિદ્ધને સ્થાપુ છું અને વંદન કરું છું.

જેમ અરિહંતના દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણે તો પોતાને જાણે એમ પ્રવચનસારમાં કહ્યું છે તેમ અહીં કહ્યું છે કે જેણે પોતાની પર્યાયમાં અનંતા સિદ્ધોને સ્થાપ્યા છે તેણે અનંતા સિદ્ધોને પોતાની એક જ્ઞાનની પર્યાયમાં જાણ્યા. એક અરિહંત ને એક સિદ્ધને જાણે તેણે સર્વ સિદ્ધને જાણ્યા કહેવાય છે તે પોતાની અલ્પદશામાં અનંતા સર્વજ્ઞદેવોને વંદે છે અર્થાત્ સ્થાપે છે. અનંતા સિદ્ધોને હૃદયમાં સ્થાપે તે પર્યાય વિવેક કરીને દ્રવ્ય તરફ ઢળ્યા વગર રહે નહિ. આવી વાત છે, ઘણી ગંભીરતા છે. ગાથામાં જેમ જેમ ઊંડા જઈએ છીએ તેમ તેમ તેના તળિયા બહુ સૂક્ષ્મ છે એમ ખ્યાલમાં આવે છે.

જેણે અનંતા સિદ્ધને પોતાથી પોતાની પર્યાયમાં સ્થાપ્યા છે એવા શ્રોતાઓની દૃષ્ટિ પોતાના સિદ્ધ સ્વભાવ ઉપર જશે જ અને તે શ્રુતકેવળી અર્થાત્ સમ્યગ્દૃષ્ટિ થશે જ. પોતાની અલ્પજ્ઞપર્યાયમાં સિદ્ધોને સ્થાપવા એ કાંઈ સાધારણ વાત નથી. એવા શ્રોતાને જ અહીં શ્રોતા તરીકે લીધા છે. પોતાની પર્યાયમાં અનંતા સિદ્ધો રહે એવી જેણે લાયકાત કેળવી છે તે જ પાત્રશ્રોતા છે. બાકી, આમ તો અનંતવાર ભગવાન પાસે આ વાત સાંભળી છે તેથી શું ! પોતે અલ્પજ્ઞ હોવા છતાં જે અનંતા સિદ્ધોને પોતાની પર્યાયમાં સ્થાપે છે તેનું લક્ષ અને દૃષ્ટિ દ્રવ્ય ઉપર જ જાય છે. દ્રવ્યસ્વભાવના લક્ષે ગુરુની વાણી સાંભળતાં જ તેની અશુદ્ધતા ટળી જશે. દ્રવ્યસ્વભાવના લક્ષના કારણે જ અશુદ્ધતા ટળશે, સાંભળવાના કારણે અશુદ્ધતા ટળતી નથી.

એક તરફ જિનવાણી એમ કહે છે કે સમ્યગ્દૃષ્ટિને રાગ અને દુઃખ છે જ નહિ અને અહીં કહે છે કે મારામાં અશુદ્ધતા છે તેના નાશ માટે હું આ લખું છું. તેનું સમાધાન એ છે કે અનંતાનુબંધી કષાય અને મિથ્યાત્વનો નાશ થયો છે માટે તે સંબંધી રાગ કે દુઃખ જ્ઞાનીને નથી પણ બીજા ત્રણ કષાય સંબંધી અશુદ્ધિ તો જ્ઞાનીને છે એટલું દુઃખ અને રાગ પણ છે. અહીં તો આચાર્યદેવ પોતે કહે છે કે મારામાં મોહ છે અને તે ક્યારનો છે ? કે અનાદિનો છે એમ પ્રથમ ગાથામાં જ કહ્યું છે અને એ જ વાત ત્રીજા કળશમાં અમૃતચંદ્ર આચાર્યે પણ કહી છે. મુનિ છે એટલે તેને દર્શનમોહ તો નથી પણ થોડો અસ્થિરતાજનક મોહ છે તે અનાદિનો છે. નાશ થયો હતો અને

નવો થયો છે—એમ નથી, અનાદિનો છે. તેના નાશને માટે હું આ પરિભાષણ શરૂ કરું છું એમ કુંદકુંદ આચાર્ય કહે છે એમ અમૃતચંદ્ર આચાર્ય ટીકામાં તેમના ભાવ ખોલે છે. પ્રભુ ! તમે ક્યાં કુંદકુંદ આચાર્યના જ્ઞાનમાં—હૃદયમાં ગયા છો કે આવા ભાવ કાઢો છો ! ભાઈ ! વસ્તુની સ્થિતિ આવી છે એમ અમે તને કહીએ છીએ.

અહા ! અરિહંતના દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણનાર પણ આત્માને જાણે એમ કહ્યું છે તો અનંત સિદ્ધોને જે પોતાની પર્યાયમાં સ્થાપે તેને સ્વના લક્ષે શુદ્ધતા થયા વિના કેમ રહે ! થાય જ. સમ્યગ્દર્શન થાય જ. સમ્યગ્દૃષ્ટિ થયો તે શ્રુતકેવળી થઈ ગયો અને પછી તે કેવળી થશે જ. ગજબ વાત છે ને ! એક એક શ્લોકમાં ગંભીરતાનો પાર નથી. સંતોની વાણીમાં ઊંડપનો પાર નથી.

જ્યારે જ્ઞાયક જ્ઞાયકપણે જણાયો ત્યારે જાણનારને તો જાણ્યો અને 'જાણનાર' છે માટે તેણે પરને પણ જાણ્યા—એમ કહેવાય પણ ખરેખર તો પર છે તેને જીવે જાણ્યા—એમ નથી. રાગાદિ થાય છે તેને જાણે છે પણ તે રાગના કારણે નહિ. જ્ઞાનની પર્યાયનું સ્વ-પરપ્રકાશક સામર્થ્ય જ એવું છે કે તે પોતાથી જ બધાંને પ્રકાશે છે. જ્ઞાયક જ્ઞાયકને તો જાણે છે અને પર્યાયને પણ જાણે છે તેમાં પર સંબંધીનું જ્ઞાન પોતાથી પોતામાં થઈ જાય છે.

**સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી, આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી,**
**અનાથ એકાંત સનાથ થાશે, એના વિના કોઈ ન બાંહ્ય સાહસે.**

અહીં કહે છે કે મારા અને તારા મોહના નાશ માટે હું આ શરૂ કરું છું. પ્રભુ ! આવો મોટો કોલકરાર ! પોતાના મોહના નાશ માટે તો બરાબર પણ શ્રોતાના મોહનો પણ નાશ થશે !—હા. શ્રોતાએ પણ હૃદયમાં અનંતા સિદ્ધોને સ્થાપ્ય છે માટે તેના મોહનો પણ નાશ થશે. જેણે એક સમયની પર્યાયમાં અનંતા સિદ્ધોને સ્થાપ્યા, આદર્યા, સત્કાર કર્યો અને સ્વીકાર કર્યો તેના મોહનો નાશ થયા વિના રહે નહિ.

''જાણનારો' કહેતાં એ પરને જાણે છે એમ થાય છે પણ તે જ્ઞાન પરને લઈને પરના આકારે થતું નથી. તેમ જ રાગનું જ્ઞાન થાય છે તે પણ રાગના કારણે થતું નથી. રાગ માત્ર જાણેલો પ્રયોજનવાન છે એ વાત પણ આગળ ૧૨મી ગાથામાં કહેશે. અહીં ચારે તરફથી વસ્તુને અવિરોધ સિદ્ધ કરવી છે. આ તો બધું અનંત જિનેશ્વર કહી ગયા છે તે આ કથન છે. એક મુનિનું કથન કહો, અનંતા તીર્થંકરનું કહો કે અનંતા સંતોનું કહો—એક જ છે.

જેની પર્યાયમાં ત્રણ કષાયનો અભાવ થયો છે એવા જિનમુનિ કહે છે કે હું આ સમયસારને કહીશ. સમયસારની રચવાનો ભાવ આવ્યો તે તો વિકલ્પ છે ને !–હા વિકલ્પ છે પણ અમારું ધ્યેય તે નથી. સ્વભાવ તરફના લક્ષપૂર્વક હું સમયસાર કહીશ માટે સ્વભાવના જોરપૂર્વક મારી અશુદ્ધતા ટળી જશે અને શ્રોતાની અશુદ્ધતાનો પણ નાશ થશે કારણ કે તે પણ સ્વ લક્ષે સાંભળે છે માટે તેના દર્શનમોહનો નાશ થશે, અસ્થિરતા પણ ટળશે.

દિગંબર સંતો એટલે કેવળીના કેડાયતો. તેની આ વાણી છે. બાકી બધાં તો કલ્પનાથી વાતો કરે તેમાં કાંઈ સાર ન હોય. આમાં તો એક એક શબ્દની પાછળ ભાવમાં ઘણી ગંભીરતા છે.

પ્રશ્ન તો ઊઠે તેવો છે કે જાણનાર છે તે સ્વ-પર પ્રકાશક છે માટે પરને જાણતાં તેનું જ્ઞાન પરના આકારે થાય છે તો એટલી તો જ્ઞાનમાં અશુદ્ધતા આવી ને ? તેને આચાર્યદેવ ઉત્તર આપે છે કે ના. પરને જાણતી જ્ઞાનની પર્યાય કે રાગને જાણતી જ્ઞાનપર્યાયને અમે પરથી કે રાગથી તે પર્યાય થઈ છે એમ જાણતાં નથી. તે જ્ઞાનની પર્યાય પરની કે રાગની નથી. દ્રવ્યસ્વભાવનું સામર્થ્ય તો મહાન છે પણ તેની પર્યાય પણ પોતાના સામર્થ્યથી થયેલી છે તેમાં તેને પરની કે રાગની અપેક્ષા નથી. સ્વને જાણતાં કે પરને જાણતાં મારી જ્ઞાનપર્યાય મારા પોતાથી થઈ છે એમ અમે જાણીએ છીએ. જ્ઞેયાકાર અવસ્થામાં પણ તે જ્ઞાયકપણે જણાય છે, પરની પર્યાયપણે જણાતો નથી.

મારગ બહુ સૂક્ષ્મ છે. જેના ફળમાં અનંત સંસારનો અંત અને અંત વિનાની મુક્તિ જેનાથી પ્રગટે એ માર્ગ તો કોઈ અલૌકિક જ હોય.

સામે પુસ્તક છે ને ! જ્ઞેયાકાર અવસ્થામાં પણ તે જ્ઞાયકપણે જણાય છે એમ કહ્યું છે. જ્ઞેયકૃત અશુદ્ધતા જ્ઞાનમાં આવતી નથી એટલે કે જેવું જેવું જ્ઞેયનું–રાગનું પરિણમન થાય એવું એવું જ્ઞાન જાણવાપણે પરિણમે છે પણ જ્ઞાનને તે જ્ઞેયની પરાધીનતા નથી. જ્ઞેયાકાર અવસ્થામાં પણ તે જ્ઞાનનું પરિણમન જ્ઞાયકપણે જણાય છે માટે જે જણાય છે તે ચીજ નહિ પણ તેમાં જાણનારો જણાયો છે.

ગૂઢ વાતો છે ભાઈ ! ચૈતન્યનું સ્વરૂપ જ અલૌકિક છે. તેની એક સમયની પર્યાયમાં સર્વજ્ઞને સ્થાપીને આચાર્યદેવે ગજબ કામ કર્યું છે. સંસારથી એને ઊંચા ઉઠાવી લીધા છે. કોને ! જેણે અનંતા સિદ્ધોને પોતાની પર્યાયમાં સ્થાપ્યા છે અને જેને જ્ઞાયકનું જ્ઞાન થયું છે તે હવે સંસારથી તરી ગયા.

જ્ઞાયકને જાણનારનું જ્ઞાન રાગના જાણવા કાળે રાગ આકારે થાય છે પણ તેમાં તેને રાગનું અવલંબન નથી–પરાધીનતા નથી. જ્ઞાનની પર્યાયનો જ પોતાનો એ કાળે એ રૂપે પરિણમવાનો સ્વભાવ છે માટે તે કાળે રાગ જણાયો નથી પણ જાણનારની પર્યાય જણાઈ છે. જ્ઞેયાકારના કાળે પણ તે પોતાને જાણે છે અને સ્વરૂપ પ્રકાશનની અવસ્થામાં પણ તે પોતાને જ જાણે છે.

દીવાનું દ્રષ્ટાંત આપ્યું છે કે દીપક ઘટ-પટાદિને પ્રકાશિત કરવાની અવસ્થામાંય દીપક છે અને પોતાને-પોતાની જ્યોતિરૂપ શિખાને પ્રકાશવાની અવસ્થામાં પણ દીપક જ છે, અન્ય કાંઈ નથી. તેમ જ્ઞાયક પોતાને જાણે કે પરને કે રાગને જાણે તે દરેક વખતે જ્ઞાયક જ્ઞાયકપણે જ રહે છે. પોતે જાણનારો છે માટે કર્તા છે અને પોતાને જાણ્યો માટે પોતે કર્મ છે. આમ કર્તા-કર્મનું અનન્યપણું હોવાથી જ્ઞાયક જ છે. આ પર્યાયની વાત છે હો ! જાણનારને જાણ્યો અને જ્ઞેયને જાણ્યા તે બંને કાર્ય એક જ્ઞાયકના જ છે.

અરે ! અનંતકાળના પરિભ્રમણમાં કદી એણે સત્‌ને સમજવાનો સાચો પ્રયત્ન કર્યો નથી. ઊંધો પ્રયત્ન કરીને અમે કાંઈક ધર્મ કરીએ છીએ એમ માન્યું છે. આમ જ હેરાન થઈને ચારગતિમાં રખડે છે.

હવે જ્યારે જીવે પોતાના સર્વજ્ઞસ્વભાવને જાણ્યો ત્યારે તો તે સ્વને જાણે છે પણ પરને જાણે છે એ વખતે પણ તે જાણનારપણે જ જણાય છે. પરને કે રાગને જાણતાં તે પર કે રાગપણે થયો નથી, જાણનારપણે જ રહ્યો છે અને જાણનારપણે જ જણાય છે. અહા ! મુનિઓની વાણી અને ભગવાનની વાણીમાં કાંઈ ફેર નથી. મુનિઓ આડતિયા થઈને સર્વજ્ઞની વાણી ફેલાવી રહ્યાં છે. હું કોણ છું ?–હું જ્ઞાયક છું અને હું મારી પર્યાયને જાણનારો છું. માટે જ્ઞાનની પર્યાય મારું કર્મ છે અને હું કર્તા છું. ખરેખર તો પર્યાય જ કર્તા છે અને પર્યાય જ કર્મ છે, દ્રવ્ય તો ધ્રુવ છે પણ અહીં જ્ઞાયકને કર્તા તરીકે રાખીને કર્તા-કર્મપણું સિદ્ધ કર્યું છે. રાગના જ્ઞાનકાળે રાગ કર્તા અને જ્ઞાનની પર્યાય કાર્ય–એમ નથી.

અહા ! જેના એક પદમાંથી બહાર નીકળવું કઠણ પડે એટલી તો એમાં ગંભીરતા છે. કહે છે કે તું મહાપ્રભુ છો અને તારી પર્યાય પણ મહાપ્રભુની છે. જે જણાયો છે તેની એ પર્યાય છે–રાગની નથી. જ્ઞાનમાં જ્યાં સ્વ જણાય છે ત્યાં પરનું જાણવું પણ થાય છે ને ! હા થાય છે, પણ તે પરના કારણે થતું નથી. જાણનાર પર્યાય પોતે પોતાની સ્વ-પરપ્રકાશપણે પરિણમવાની તાકાતથી પરિણમી છે માટે તે પર્યાય કર્મ છે અને આત્મા કર્તા છે–પરદ્રવ્ય તેનો કર્તા નથી.

ખરેખર ષટ્કારકનું પરિણમન પર્યાયમાં છે. દ્રવ્યમાં ષટ્કારકની શક્તિ છે પણ પરિણમન નથી.

વ્યવહારનો વિકલ્પ ઊઠે છે તેનું જ્ઞાન થાય છે તે વ્યવહારથી થતું નથી, જ્ઞાન પોતે પોતાથી થાય છે. રાગમાં જ્ઞાન જ ક્યાં છે કે તેનાથી જ્ઞાન થાય! દીવાની જેમ જ્ઞાયકમાં કર્તા-કર્મનું અનન્યપણું છે, અનેરાપણું નથી. જ્ઞાયક પોતે કર્તા છે અને જ્ઞાન તેનું કર્મ છે, બંને જુદાં નથી એક જ છે. રાગ સંબંધીનું જ્ઞાન થાય છે તે જ્ઞાનનો કર્તા પોતે છે, રાગ કર્તા નથી અને રાગને કારણે તે જ્ઞાન થયું નથી.

જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જણાયો તે સ્વરૂપ-પ્રકાશનની અવસ્થામાં પણ જ્ઞાયક જ છે.

કોઈને એમ થાય કે આપણે તો સમયસાર સાંભળ્યું છે માટે હવે આમાં કાંઈ નવીનતા નથી—એમ ન હોય પ્રભુ! આ નવી વસ્તુ છે ભગવાન! શરીરની ક્રિયા થાય, રાગની ક્રિયા થાય તેનું જ્ઞાન થાય છે તે જ્ઞાનનું પોતાનું કાર્ય છે, શરીરનું કે રાગનું એ કાર્ય નથી. સરકારના કાયદા તો સાધારણ હોય આ તો ત્રણલોકના નાથના કાયદા છે કે જ્ઞાનનું કાર્ય તારું પોતાનું છે, પરનું નહિ. એક એક ગાથામાં કેટલી ગંભીરતા છે!

પોતે જાણનારો છે માટે કર્તા છે. કોનો જાણનારો?—કે પોતાની પર્યાયનો જાણનારો છે. કેવળી લોકાલોકને જાણે છે એમ કહેવાય છે પણ કેવળી પોતાની પર્યાયને જાણે છે. પર્યાય તેનું કાર્ય છે અને તેનો કર્તા જ્ઞાતા પોતે છે. લોકાલોક છે માટે કેવળજ્ઞાનમાં લોકાલોક જણાય છે—એમ નથી.

આ પ્રશ્ન તો ૧૯૯૩ની સાલમાં ઊઠ્યો હતો કે લોકાલોક છે માટે કેવળજ્ઞાન છે કે કેવળજ્ઞાન પોતાથી છે, લોકાલોકથી નહિ?—બાપુ! લોકાલોકના કારણે લોકાલોકનું જ્ઞાન નથી. જ્ઞાનથી પોતાથી લોકાલોકનું જ્ઞાન થાય છે. કેવળજ્ઞાન જીવનું પોતાનું કાર્ય છે અને તે કાર્યનો કર્તા જીવ પોતે છે. લોકાલોક છે માટે કેવળજ્ઞાનની પર્યાય થાય છે—એમ નથી.

અરે! એક ન્યાય પણ સર્વજ્ઞના ન્યાય અનુસાર યથાર્થ જાણે તો બધાં ભાવો તેના જ્ઞાનમાં યથાર્થ જણાય જાય. પણ અરે! એકેય ભાવને સમજવાની દરકાર વગર જિંદગી પૂરી થવા આવી, જે કરવાનું હતું તે કામ રહી ગયું. એકલાં પાપના ધૂમાડાં કર્યાં, પુણ્યના પણ ઠેકાણા નહિ. ચાર-ચાર કલાક સત્સમાગમ કરે તો પુણ્ય તો થાય, સત્શાસ્ત્રનું ચાર-છ કલાક વાંચન કરે તો પુણ્ય તો બંધાય! સત્સમાગમ અને સત્શાસ્ત્રનો દિવસમાં ચાર કલાક પરિચય હોય તો પુણ્ય તો બાંધે! ધર્મ ન થાય. તો ધર્મ ક્યારે

થાય ?—કે રાગથી પૃથક પડીને પોતાના સર્વજ્ઞ સ્વભાવને સ્વીકારે અને અનુભવે ત્યારે તેને સમ્યગ્દર્શનરૂપ ધર્મ પ્રગટ થાય.

ઘટ-પટને પ્રકાશવાકાળે દીવો કાંઈ ઘટ-પટપણે થતી નથી અને ઘટ-પટ છે માટે તે પ્રકાશે છે એમ પણ નથી. દીવો તો પોતાના પ્રકાશપણાના કારણે પ્રકાશે છે. તેમ જ્ઞાયક પોતાને પ્રકાશવાકાળે જ્ઞાયક જ છે અને જ્ઞાયક પરને પ્રકાશવાકાળે પણ જ્ઞાયક જ છે, તે કાળે તે પરરૂપ થતો નથી. જ્ઞાનની પર્યાય પોતાને પ્રકાશે કે પરને પ્રકાશે કે રાગને પ્રકાશે પણ તે તો જ્ઞાનની પર્યાયપણે રહીને જ સર્વને પોતાના સ્વભાવથી પ્રકાશે છે. પરને કે રાગને કારણે તે તેને પ્રકાશે છે—એમ નથી.

આખો દિવસ પાપના કાર્યો એટલાં કરે છે કે તેને આ સમજવા માટે અવકાશ નથી અને શરીરના રક્ષણ માટે તો આખો દિવસ તેમાં કાઢી નાંખે છે આમ કરી નાખું....તેમ કરી નાખું એમ કર્યા કરે છે છતાંય કાર્ય તો જે થવાનું હોય એ જ થાય છે, તેનાથી કાંઈ થતું નથી અને આત્માના ધર્મનું કાર્ય તો પોતાના પુરુષાર્થથી થાય જ—એવું આ કામ છે—તેને કરતો નથી.

દીવો દીવારૂપે રહીને જ પોતાની શિખાને અને ઘટ-પટાદિ બધી વસ્તુને પ્રકાશે છે તેમ જ્ઞાયક જ્ઞાયકપણે રહીને જ સ્વ-પર બંનેને પ્રકાશે છે—કોઈ પરદ્રવ્યરૂપે તે થઈ જતો નથી. જ્ઞાનની પર્યાય જ્ઞાનપણે રહીને સ્વ-પર બંનેને પ્રકાશે છે.

જિનવરદેવની વાતો બહુ સૂક્ષ્મ છે પ્રભુ ! તે કાંઈ કરોડ બે કરોડ પૈસા ખર્ચી નાંખવાથી સમજાય જાય તેમ નથી. શરીરની ક્રિયા—છ છ મહિનાના ઉપવાસ કરી નાંખવાથી પણ તે કાંઈ સમજાય જાય તેમ નથી. બુદ્ધિના બળિયા એકલા પરપ્રકાશક જ્ઞાનથી ધારણા કરી લે તેથી પણ કાંઈ સમજાય જાય તેમ નથી. અંતરમાં શું ચીજ છે તેને કેળવે તો સમજાય તેવું છે પણ તેને એ કેળવતો નથી.

જ્ઞાનની પર્યાયમાં સ્વને જાણ્યો એવી જ જ્ઞાનની પર્યાયમાં પરને પણ જાણ્યાં તે જ્ઞાનપર્યાય પરથી થઈ નથી, પોતાથી થઈ છે એટલે ખરેખર તો તેણે પોતાની પર્યાયને જાણી છે કારણ કે તે પર્યાયમાં જ્ઞેયો આવ્યા નથી. દીવાના પ્રકાશમાં ઘટ-પટ પ્રકાશે છે તે ઘટ-પટ કાંઈ દીવાના પ્રકાશમાં આવી જતાં નથી તેમ જ્ઞેયો જ્ઞાનમાં આવી જતાં નથી. ચૈતન્યચંદ્ર ભગવાન આત્મા સર્વજ્ઞસ્વભાવી છે એમ જ્યાં પોતાની અલ્પજ્ઞપર્યાયમાં સર્વજ્ઞપણાનું જ્ઞાન થયું તે સ્વનું જ્ઞાન અને તે જ જ્ઞાન પરને અને રાગ થાય તેને જાણે છે તે બધું જ્ઞાન પોતાનું જ છે. જ્ઞાનમાં કોઈ પરદ્રવ્ય કે રાગનો પ્રવેશ નથી અને જ્ઞાનની પર્યાય પરના કે રાગના કારણે થતી નથી.

એકવાર બધાં આગ્રહ છોડીને, મધ્યસ્થ થઈને સાંભળે તો સમજાય તેવી વાત છે. વ્રત પાળવાથી સંવર થાય અને તપ કરવાથી નિર્જરા થાય એવા આગ્રહ રાખીને બેસે તેને આ ન સમજાય. વ્રતના અને તપના વિકલ્પમાં રાગ મંદ પડ્યો હોય તો પુણ્ય બંધાય છે પણ ધર્મ થતો નથી.

૩૨૦મી ગાથામાં તો એમ કહ્યું કે જ્ઞાન ઉદય, નિર્જરા, બંધ, મોક્ષ બધાંને જાણે છે, કરતું નથી. સકામનિર્જરા, અકામનિર્જરા, સવિપાક નિર્જરા અને અવિપાકનિર્જરા એમ ચાર પ્રકારે નિર્જરા થાય છે તેને જ્ઞાન જાણે છે પણ કરતું નથી. બંધને અને મોક્ષને પણ જ્ઞાન કરતું નથી. જ્ઞાન તો બસ જ્ઞાનનું કાર્ય જ કરે છે–જાણે છે.

અહા ! દિગંબર સંતોએ તો ગજબ કામ કર્યાં છે તેને સમજનારા વિરલ પાકે છે. બાકી એવી વાત બીજે ક્યાંય નથી.

કર્તા-કર્મનું અનન્યપણું છે એટલે શું ?–કે કર્તા અન્યદ્રવ્ય અને કાર્ય અન્યદ્રવ્યમાં થાય એમ હોતું નથી. કર્તા અને કર્મ અનન્ય હોય છે એટલે કે એક જ દ્રવ્યમાં હોય છે. જ્ઞાનની પર્યાય થાય છે તે કર્મ છે તેનો કર્તા પરદ્રવ્ય ન હોય. જ્ઞાનના કાર્યનો કર્તા જ્ઞાયક પોતે છે. તે જ કર્તા છે અને કર્મ પણ તે જ છે. રાગ કર્તા અને રાગનું જ્ઞાન એ તેનું કાર્ય–એમ નથી. વ્યવહારરત્નત્રયનો વિકલ્પ ઊઠે તેનું જ્ઞાન થાય છે તે જ્ઞાન વિકલ્પથી થતું નથી, જ્ઞાન જ્ઞાનથી થાય છે.

સ્વ અને પર એમ બે જ્ઞેય છે તેને જાણવાકાળે જ્ઞાન પોતે પોતાથી પરિણમે છે–એ અહીં સિદ્ધ કરવું છે. *

(સીતાજીને.....અનુસંધાન પેઈજ ૨૭ થી ચાલુ)

બીજાનો જૂઠો દોષ પ્રગટ કરે તેના જેવો બીજો કોઈ પાપી નથી. પોતાના દોષ ગુરુની પાસે પ્રકાશવા અને બીજાના દોષ સર્વથા ઢાંકવા જે પારકી નિંદા કરે તે જિનમાર્ગથી પરાઙ્મુખ છે.

કેવળીના શ્રીમુખેથી આ જૂઠા દોષારોપણની વાત સાંભળી સભાના લોકો મહા-દુ:ખના ભયથી કંપાયમાન થયા અને દોષારોપણના ભાવો છોડ્યા, કેટલાક પ્રતિબોધ પામી મુનિ થયા અને મિથ્યાદૃષ્ટિ હતા તે પણ સમ્યગ્દૃષ્ટિ થયા. (આ રીતે સીતાના અપવાદનું કારણ મુનિનિંદાનું ફળ જાણી દેવ-શાસ્ત્ર-ગુરુ અને સાધર્મિ પ્રત્યે વૈરભાવ-મત્સરભાવથી સાવધાન થવાનો આ કથા બોધ આપે છે.) (પદ્મપુરાણમાંથી)

# સીતાજીને જૂઠું આળ કેમ આવ્યું ?

શ્રીરામ-સીતાનું વિસ્તૃત વર્ણન તો પદ્મપુરાણમાં આપેલ છે જ. અહીં તો સીતાજીની ઉપર જૂઠું આળ-આક્ષેપ-કલંક કેમ લાગ્યું ? તેની વિગતનું વર્ણન કેવળી ભગવાન કહે છે કે જ્યારે સીતાજીનો જીવ વેદવતીના ભવમાં હતો ત્યારે લક્ષ્મણનો જીવ તેનો પિતા શ્રીભૂતિ પુરોહિત મહા જિનધર્મી હતો અને તેની પુત્રી વેદવતી મહા સુંદર રૂપવતી હતી. રાજાનો પુત્ર શંભુકુમાર વેદવતી ઇચ્છતો હતો પરંતુ તે વિધર્મિ હોવાથી વેદવતીનો પિતા જિનધર્મી સિવાય અન્ય કોઈને પુત્રી આપવા ઇચ્છતો ન હતો. તેથી કુમાર શંભુએ વેદવતીના પિતા શ્રીભૂતિને મારી નાખીને વેદવતી સાથે બળજોરીથી મૈથુન સેવન કર્યું. તેથી તે કુમારીએ ક્રોધિત થઈને શંભુ કુમારને કહ્યું કે તું નીચ પાપી ! મારી સાથે બળાત્કાર કરી મારું શીલ ભંગ કર્યું તેથી આવતા ભવે હું તારા નાશનું કારણ થઈશ. એમ કહીને તેણે અર્જિકા પાસે દીક્ષા લઈ વ્રત તપ કરી સ્વર્ગમાં ગઈ અને ત્યાંથી આવીને સીતા થઈને રાવણના નાશનું કારણ થઈ.

ગુણવતિના ભવમાં પણ મુનિની નિંદા કરેલ હતી અને વેદવતીના ભવમાં સુદર્શન નામના મુનિરાજ વનમાં આવેલા ત્યારે તે મુનિરાજની બહેન અર્જિકા હતી તે મુનિરાજ પાસે ધર્મ શ્રવણ કરતી હતી તે જોઈને વેદવતીએ ગામના લોકો પાસે નિંદા કરી કે મેં મુનિને એકલી સ્ત્રી પાસે બેઠેલા જોયા છે. ત્યારે કેટલાકે તેની વાત માની અને કેટલાક ડાહ્યા માણસોએ ન માની. પરંતુ ગામમાં મુનિનો અપવાદ થયો તેથી મુનિએ પ્રતિજ્ઞા કરી કે આ જૂઠો અપવાદ દૂર થાય તો આહાર માટે નીકળવું, નહિંતર ન નીકળવું. તે વખતે નગરની દેવીએ વેદવતીના મુખે ગામના સમસ્ત લોકોને કહેવરાવ્યું કે મેં જૂઠો અપવાદ મુનિનો કર્યો હતો. તેઓ બન્ને તો ભાઈ બહેન છે અને મુનિ પાસે જઈને વેદવતીએ ક્ષમા માગી કે હે પ્રભો ! મેં પાપીનીએ મિથ્યા વચન કહ્યા તો ક્ષમા કરો.

આ પ્રમાણે મુનિની નિંદા કરી હતી તેથી સીતા ઉપર જૂઠું આળ આવ્યું અને મુનિની ક્ષમા માગી તેથી સીતાનો અપવાદ દૂર થયો. માટે જે જિનમાર્ગી છે તે કદી પણ પરનિંદા ન કરે. કોઈમાં સાચો દોષ હોય તોપણ જ્ઞાની કહે નહિ, કોઈ કહેતો હોય તેને રોકે, બીજાનો દોષ સર્વથા ઢાંકે, જે કોઈ પરનિંદા કરે છે તે અનંતકાળ સંસારવનમાં દુ:ખ ભોગવે છે. સમ્યગ્દષ્ટિનો મોટો ગુણ એ જ છે કે બીજાનો અવગુણ સર્વથા ઢાંકે. બીજાનો સાચો દોષ પણ કહે તે અપરાધી છે અને અજ્ઞાનથી, મત્સરભાવથી

(અનુસંધાન માટે જુઓ પેઈજ ૨૬)

[તા. ૮-૨-૯૯]

# સુવર્ણપુરી-સમાચાર

—તંત્રી

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં, અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

પ્રાતઃ : પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ

પ્રાતઃ : જિનેન્દ્ર-દર્શન-પૂજા

સવારે ૮-૩૦ થી ૯-૩૦ : શ્રી સમયસાર ઉપર (૧૯મી વખતના) પૂ. ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન

બપોરે ૩-૩૦ થી ૪-૩૦ : શ્રી પ્રવચનસાર ઉપર ટ્રસ્ટી તથા મંત્રી શ્રી ચીમનભાઈ મોદીનું શાસ્ત્રવાંચન

બપોરે પ્રવચન પહેલાં : પરમ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે ઉપકૃતભાવભીની સ્તુતિ

બપોરે પ્રવચન પછી : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ

બપોરે ૪-૪૫ થી ૫-૧૫ : જિનેન્દ્રભક્તિ

સાંજે ૭-૩૦ થી ૮-૩૦ : 'શ્રી પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું ભાવવાહી ટેપ-પ્રવચન

## ધાર્મિક શિક્ષણવર્ગ

અધ્યાત્મવિદ્યાધામ શ્રી સુવર્ણપુરીમાં પુરુષો માટે ઉનાળાની રજાઓમાં પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૧૦મી જન્મજયંતી-મહોત્સવના ઉપલક્ષમાં તા. ૧૩-૪-૯૯ થી તા. ૩-૫-૯૯ સુધી ૨૧ દિવસ માટે ધાર્મિક શિક્ષણવર્ગનું આયોજન કરવામાં આવ્યું છે. લાભ લેનાર શિક્ષણાર્થીઓ માટે આવાસ તથા ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

મુમુક્ષુમંડળના બાળકોને તેમ જ મહાનુભાવોને ધાર્મિક સંસ્કાર સમુપલબ્ધ બને તે હેતુએ પોતાના મંડળના વિદ્યાર્થીઓને આ ધાર્મિક શિક્ષણવર્ગમાં મોકલવા બધા મુમુક્ષુમંડળને અનુરોધ છે.

—પ્રબંધક

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦
Phone : (02846) 44334

## * સાનંદ સમ્પન્ન પૂજ્ય બહેનશ્રીની ૬૭મી સમ્યક્ત્વજયંતી *

ભવપરિભ્રમણનો અંત કરનાર નિર્મળ સમ્યક્ત્વની મહિમા અતિ મહાન છે. સ્વાનુભવવિભૂષિત, સ્વાનુભવપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના અનન્યભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની 'સમ્યક્ત્વજયંતી' તે એક વિશિષ્ટ મહિમાપૂર્ણ મંગળ અવસર છે. આ વર્ષે આ મંગળ અવસર ઉજવવાનું દુર્લભ સૌભાગ્ય રાજકોટ નિવાસી શ્રી વિનોદરાય કાનજીભાઈ કામદાર—પરિવારને સંપ્રાપ્ત થયું. આ શતાબ્દિમાં સ્વાનુભૂતિપ્રધાન અધ્યાત્મતીર્થના સાતિશય પ્રભાવક કલ્યાણમૂર્તિ પરમોપકારી સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના શુદ્ધાત્મપ્રમુખ અધ્યાત્મ સત્ ઉપદેશને આત્મસાત્ કરી જેમણે ૧૮ વર્ષની લઘુવયમાં સ્વશુદ્ધાત્મોન્મુખી અસાધારણ પુરુષાર્થથી સ્વાનુભવમુદ્રિત નિર્વિકલ્પ સમ્યગ્દર્શન પ્રગટ કર્યું—ભવસંતતિજનની મિથ્યાત્વપરિણતિનો નાશ કરી નિજ સહજાનંદરૂપ વિજ્ઞાનઘન સ્વરૂપમાં હંમેશ માટે વિશ્રામ કર્યું—તે પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની આ ૬૭મી સમ્યક્ત્વજયંતી (ફાગણ વદ-૧૦) તા. ૮-૩-૯૯ થી તા. ૧૨-૩-૯૯ સુધી પંચાહ્નિક મંગળ મહોત્સવપૂર્વક અધ્યાત્મસાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીમાં અતિ આનંદોલ્લાસપૂર્વક ઉજવાઈ હતી. આ સમ્યક્ત્વ મહિમાના પવિત્ર સમારોહમાં નાઈરોબી લંડન તથા ભારતના અનેક પ્રાંતના લગભગ ૭૦૦થી વધારે સમ્યક્ત્વપ્રેમી મુમુક્ષુ ભાઈ-બહેનોની ઉપસ્થિતિ રહી. આપણા ઊંડા આદર્શ આત્માર્થી આદરણીય પંડિતરત્ન શ્રી હિંમતલાલ જે. શાહ (પૂજ્ય બહેનશ્રીના મોટાભાઈ)ની આનંદવર્ધિની મંગળ ઉપસ્થિતિમાં આનંદોલ્લાસ સહ ઉજવાયેલી આ સમ્યક્ત્વજયંતી ખરેખર અતિ આનંદદાયી તથા ધર્મપ્રભાવક હતી. આ મંગળ અવસર પર ચૌંસઠઋદ્ધિમંડળવિધાનપૂજા, પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મરસભર્યા ઓડિયો-વિડિયો ટેપ-પ્રવચન, સમ્યક્ત્વભક્તિ, જિનેન્દ્રસ્તવન, 'સાંજી' આદિ રોચક કાર્યક્રમોથી બધા પ્રમોદિત થતા હતા. તા. ૧૧-૩-૯૯ના દિવસે પ્રાતઃ પૂજ્ય ગુરુદેવશ્રીના ટેપપ્રવચન બાદ અધ્યાત્મયુગસ્રષ્ટા પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની ૧૧૦મી મંગળકારી જન્મજયંતીની નિમંત્રણપત્રિકાની લેખનવિધિ રાખવામાં આવી હતી.

ફાગણ વદ દશમ સમ્યક્ત્વ-ઉપલબ્ધિના સાંવત્સરિક દિને પ્રાતઃ વિડિયો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીના માંગલિકપૂર્વક પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવામૃતભરી અધ્યાત્મ તત્ત્વચર્ચા તથા મંગળ ઉદ્‌બોધન, જિનાયતનોમાં જિનદર્શનાદિ બાદ પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપપ્રવચન, આદરણીય પંડિતરત્ન શ્રી હિમ્મતલાલભાઈ જે. શાહના ગુરુભક્તિભીના નેતૃત્વમાં બહેનશ્રીની સાધનામહિમાભરી ભક્તિ, ચૌસઠઋદ્ધિમંડલવિધાનપૂજા, જૈનતત્ત્વ-શિક્ષણવર્ગ; બપોરે સમાગત વિદ્વાનનું શાસ્ત્રવાંચન, જિનેન્દ્રભક્તિ, ટેપપ્રવચન અને જૈનતત્ત્વ-શિક્ષણવર્ગ. આ અવસરે પાંચેય દિવસ સ્વામિવાત્સલ્ય ભોજન શ્રી વિનોદરાય કાનજીભાઈ કામદાર—પરિવાર તરફથી અને ૧૧૦મી જન્મજયંતી-નિમંત્રણપત્રિકાની લેખનવિધિની ખુશાલીમાં તા. ૧૧-૩-૯૯ના રોજ ચેન્નાઈ (મદ્રાસ), બેંગ્લોર તેમ જ હૈદરાબાદના મુમુક્ષુઓની ઉપસ્થિતિમાં દક્ષિણભારત દિ. જૈન મુમુક્ષુમંડળ (મદ્રાસ, બેંગ્લોર, હૈદરાબાદ) તરફથી રાખવામાં આવ્યું હતું.

આ સમ્યક્ત્વજયંતીના અવસરે જૈનતત્ત્વ-શિક્ષણવર્ગનું આયોજન મુમુક્ષુઓને અતિ લાભપ્રદ

રહ્યું. તેના પ્રધ્યાપકો હતા ડૉ. પ્રવિણભાઈ, બ્ર. વૃજલાલભાઈ, રાજુભાઈ કામદાર, સુભાષભાઈ અને રમેશભાઈ (સલાલ). બપોરે 'બહેનશ્રીનાં વચનામૃત' પર સર્વશ્રી હિંમતભાઈ ડગલી, બ્ર. વૃજલાલભાઈ શાહ, ડૉ. પ્રવીણભાઈ દોશી તથા હીરાભાઈ શાહ અને રસિકભાઈ સંઘવી દ્વારા થયું હતું. આ પ્રસંગે રાત્રે બાલિકાઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ આપીને ઉપસ્થિત મુમુક્ષુ સમાજને પ્રમુદિત કર્યો હતો.

આ સમ્યક્ત્વજયંતીના અવસરે સંસ્થાને રૂા. ૨,૨૨,૭૩૯=૫૦ ની આવક થઈ હતી.

| | |
|---|---|
| સમ્યક્ત્વજયંતીના પ્રતિક ૬૭ના અંકમાં ૬૭×૧૦૮૯ | ૭૨,૯૬૩=૫૦ |
| પ્રાસંગિક વિધાન | ૪,૦૦૪=૦૦ |
| અન્ય શુભ ખાતે | ૩૭,૦૦૫=૦૦ |
| આરતી | ૧૨,૭૬૭=૫૦ |
| પ્રસંગ આયોજન | ૫૧,૦૦૦=૦૦ |
| સ્વામિવાત્સલ્ય | ૪૫,૦૦૦=૦૦ |

સમ્યક્ત્વજયંતીના શુભઅવસર પર સ્થાયી મંડલવિધાનપૂજા ૨૦ મહાનુભાવોના તરફથી તથા પ્રાસંગિક મડંલવિધાનપૂજા ૪ મહાનુભાવોના તરફથી રાખવામાં આવી હતી.

પરમપૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી, પૂજ્ય ભગવતી બહેનશ્રી ચંપાબહેન તેમજ અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરી પ્રતિ સમર્પિત શ્રી શાંતિલાલ રતિલાલ શાહ—પરિવાર સાયન (મુંબઈ),—હા. શ્રી શારદાબહેન, નેમીષભાઈ તથા કેતનભાઈ—દ્વારા મુમુક્ષુમંડળોને ભેટ આપવા, C.D. DRIVE માટે કૉમ્પ્યુટરની શ્રી શારદાબહેનના શુભ હસ્તે, આનન્દોલ્લાસમય વાતાવરણમાં ઉદ્ઘાટનવિધિ તથા ઉપસ્થિત મુમુક્ષુમડંળોના પ્રતિનિધિઓને સી. ડી. (C.D) કેસેટ ભેટની પ્રદાનવિધિ રાખવામાં આવી હતી.

* * *

## પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની નવમી સાંવત્સરિક સમાધિતિથિ પર આયોજિત

# પંચાહ્નિક ધાર્મિક કાર્યક્રમ

[તા. ૨૯-૪-૯૯ થી તા. ૩-૫-૯૯]

આપણા પરમ તારણહાર પરમોપકારી પ્રાતઃસ્મરણીય પરમપૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સ્વાનુભવમુદ્રિત અધ્યાત્મ સદુપદેશામૃત દ્વારા સ્વાનુભવપરિણત ધર્મરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની પવિત્ર સમાધિનો નવમો સાંવત્સરિક દિન આગામી વૈશાખ વદ-૩, સોમવાર, તા. ૩-૫-૯૯ના રોજ છે. ઉપકારમૂર્તિ પૂજ્ય બહેનશ્રીના દુઃખદ વિરહની આ વાર્ષિક તિથિ નિમિત્તે અધ્યાત્મસાધનાતીર્થ શ્રી સોનગઢમાં ગુરુવાર, તા. ૨૯-૪-૯૯ થી તા. ૩-૫-૯૯ સોમવાર સુધી પાંચ દિવસનો ધાર્મિક કાર્યક્રમ—'પંચપરમેષ્ઠિમંડલવિધાનપૂજા', દેવગુરુભક્તિ, પૂજ્ય ગુરુદેવશ્રીના જ્ઞાનવૈરાગ્યપોષક આધ્યાત્મિક ટેપપ્રવચન, પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસભરી વિડિયો-ધર્મચર્ચા, ધાર્મિક શિક્ષણવર્ગ

ઇત્યાદિ જ્ઞાન વૈરાગ્ય-ભક્તિની ઉપાસનાનો વિવિધ કાર્યક્રમ—રાખવામાં આવ્યો છે.

આ ધાર્મિક કાર્યક્રમનો લાભ લેવા સમસ્ત મુમુક્ષુ ભાઈ-બહેનોને શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ તરફથી સાધનાતીર્થ શ્રી સુવર્ણપુરી પધારવાનું ભાવભીનું નિમંત્રણ છે. આવાસ તથા ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

## મહાવીરજયન્તી તેમ જ કહાનગુરુપરિવર્તનજયન્તી

ચૈત્ર શુદ ૧૩, સોમવાર, તા. ૨૯-૩-૯૯ ના રોજ ભગવાન શ્રી મહાવીરસ્વામીના જન્મ-કલ્યાણકના વાર્ષિક પર્વ તથા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૬૫મા સમ્પ્રદાયપરિવર્તન-દિન, પરમાગમમન્દિરમાં પૂજાભક્તિ તેમ જ પરિવર્તન-સ્થળ 'સ્ટાર ઓફ ઇન્ડિયા' ભવનમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપપ્રવચન તેમ જ ગુરુભક્તિના વિશેષ આયોજનપૂર્વક મનાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે 'સ્ટાર ઓફ ઇન્ડિયા'માં નિવાસ કરવા પૂજ્ય ગુરુદેવશ્રીને વિનંતી કરનાર દામાણી-પરિવાર તેમ જ ગોરેગાંવ નિવાસી શામજીભાઈ ભાણજીભાઈ છેડા અને મલાડનિવાસી પ્રેમજીભાઈ દેવજીભાઈ જૈન તરફથી કાયમી સ્વામીવાત્સલ્ય ભોજન રાખવામાં આવ્યું હતું.

## કહાનગુરુ-જન્મધામમાં કુન્દકુન્દાચાર્ય-ચિત્રપટ-અનાવરણ

કહાનગુરુ-જન્મધામ ઉમરાળામાં 'ઉમજબા-સ્વાધ્યાયગૃહ'માં શ્રી શારદાબેન શાન્તિલાલ શાહ-પરિવાર (મુમ્બઈ) અને શ્રી સૂરજબેન અમુલખભાઈ શેઠ સ્મૃતિ ટ્રસ્ટ (મુમ્બઈ) તરફથી ભગવત્કુંદકુંદાચાર્યદેવના સંગેમર્મરનિર્મિત અતિ ભવ્ય વિશાળ ચિત્રપટ, ૐકાર તેમ જ નંદ્યાવર્ત-સ્વસ્તિકના ચિત્રપટના અનાવરણની મંગળ વિધિનું ભવ્ય આયોજન તા. ૩૧-૩-૯૯ના દિવસે ૩૦૦ થી વધારે મુમુક્ષુઓની આનન્દોલ્લાસ ભરેલી ઉપસ્થિતિમાં સમ્પન્ન થયું. આદરણીય પંડિતરત્ન શ્રી હિંમતલાલભાઈ જે. શાહની આનન્દવર્ધિની શુભોપસ્થિતિ આયોજનની વિશિષ્ટ શોભા બની રહી. ઉપરના બન્ને પરિવાર તેમ જ પંડિતજીના શુભ હસ્તે અનાવરણવિધિ અને ત્યારબાદ ૐકારના ચિત્રપટની તથા સ્વસ્તિકના ચિત્રપટની અનાવરણવિધિ અનુક્રમે સંસ્થાના પ્રમુખશ્રી હસમુખભાઈ વોરાના શુભહસ્તે તથા ઉમરાળાના સ્થાનિક મુમુક્ષુઓના શુભહસ્તે કરવામાં આવી હતી. પ્રસંગને અનુરૂપ આદરણીય પંડિતજીએ ભગવત્કુંદકુંદાચાર્યની 'હે કુન્દકુન્દસ્વામી આકર જરા દિખાજા' એ ભક્તિ પોતાના મધુર સ્વરમાં કરાવી હતી જે સૌને અતિરોચક તેમ જ હર્ષોલ્લાસનું કારણ બની. આ અવસર પર શ્રી શાંતિલાલ રતિલાલ શાહ—પરિવાર તરફથી સી.ડી. કોમ્પ્યુટર ઉમરાળા-મુમુક્ષુ મંડળને ભેટ દેવા માટે પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનસારની પ્રથમ પાંચ ગાથાઓ ઉપરનું સી.ડી. પ્રવચન સંભળાવવામાં આવ્યું હતું. આદરણીય પંડિતજીએ મંગલાચરણ કરતા, અતિ સંક્ષેપમાં કહ્યું કે "અપની વરમાલા લેકર અપને યોગ્ય વરકી પ્રતીક્ષા કર ખડી હુઈ મુક્તિલક્ષ્મી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકી પ્રચંડતારૂપ 'સામ્ય'–પરિણત શ્રમણમહાત્માકો અપનીવરમાલા પહનાતી હૈ–સમર્પિત કરતી હૈ...ઇત્યાદિ ." આ પ્રસંગે ઉપરોક્ત બન્ને પરિવારના હાર્દિક અનુરોધથી સોનગઢના અઢીસો મુમુક્ષુ ભાઈ-બહેન આવ્યા હતા. તેઓ તરફથી સોનગઢમાં સ્વામિવાત્સલ્ય ભોજન રાખવામાં

આવ્યું હતું. બધી જ વ્યવસ્થા બન્ને પરિવાર તરફથી કરવામાં આવી હતી. આ પ્રસંગે હર્ષોલ્લાસના પ્રતિકરૂપ જુદાં જુદાં મહાનુભાવો દ્વારા કુલ ૨૧૦૩૭=૦૦ રુ. જાહેર કરવામાં આવ્યા હતા. બધું આયોજન ખૂબ આનન્દદાયક રહ્યું હતું.

★ સુવર્ણપુરીના ૬૩ ફૂટ ઊંચા 'શ્રી સીમંધરજિન-માનસ્તંભ'ની ૪૭મી પ્રતિષ્ઠાતિથિ ચૈત્ર સુદ ૧૦, શુક્રવાર, તા. ૨૬-૩-૯૯ના રોજ પૂજાભક્તિના વિશેષ કાર્યક્રમપૂર્વક ઉજવવામાં આવી હતી.

## ૧૧૦મો વાર્ષિક કહાનગુરુ-જન્મોત્સવ

ચૈત્ર વદ ૧૨, મંગળ, તા. ૧૩-૪-૯૯ થી વૈશાખ સુદ ૨, શનિવાર, તા. ૧૭-૪-૯૯—પાંચ દિવસ સુધી પૂજ્ય કહાનગુરુદેવની ૧૧૦મી જન્મજયન્તી શ્રી દક્ષિણ-ભારત દિગમ્બર જૈન મુમુક્ષુમંડળ (ચેન્નાઈ, બેંગ્લોર તેમ જ હૈદરાબાદ) તરફથી અતિ આનન્દોલ્લાસ સહ ઉજવવાની તૈયારી ચાલી રહી છે. (વિશેષ સમાચાર આવતા અંકમાં.)

## કહાનગુરુ-પ્રભાવનાદર્શન

ચૈત્ર વદ ૧૩, બુધવાર, તા. ૧૪-૪-૯૯ના દિવસે સુવર્ણપુરીમાં પૂજ્ય બહેનશ્રી ચમ્પાબેનની સત્પ્રેરણા તેમ જ માર્ગદર્શનમાં નિર્મિત 'શ્રી કહાનગુરુ-પ્રભાવનાદર્શન'ના ઉદ્ઘાટનની દસમી વાર્ષિક તિથિ છે. આ દિવસ પણ ગુરુભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઉજવવામાં આવશે.

---

## શાસનનાયક શ્રી મહાવીરસ્વામીના જન્મકલ્યાણક તથા પરમ પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના સંપ્રદાય-પરિવર્તનના શુભ દિવસે પૂજ્ય ગુરુદેવશ્રીના સી.ડી. પ્રવચનોનો

# ભવ્ય શુભારંભ

અધ્યાત્મમૂર્તિ પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તથા તદ્ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો પ્રભાવના ઉદય સૂર્ય સમાન ઝળહળી રહ્યો છે. આ પ્રભાવના ઉદયના સુપ્રતાપથી પૂજ્ય સદ્ગુરુદેવશ્રીના ઓડિયો ટેપ-પ્રવચનોને સી.ડી.માં ઉતારવાનું શ્રી શાંતિલાલ રતિલાલ શાહ-પરિવારનું આયોજન સાકાર થયું છે. આ પવિત્ર દિવસે આપણા નિમ્નલિખિત મંડળોમાં આ સી.ડી. પ્રવચનોને કોમ્પ્યુટર દ્વારા શ્રવણ કરવાનો ભવ્ય શુભારંભ થઈ ગયો છે.

(૧) સોનગઢ (૨) ઉમરાળા (૩) ઘાટકોપર (૪) દાદર (૫) મલાડ (૬) બોરીવલી (૭) વસઈ (૮) પાર્લા (૯) મુલુન્ડ (૧૦) મુંબઈ (૧૧) રાજકોટ દિગંબર જૈન સંઘ (૧૨) રાજકોટ યુવક મંડળ (૧૩) ભાવનગર (૧૪-૧૬) અમદાવાદ (ખાડિયા, નવરંગપુરા અને પાલડી) (૧૭) જામનગર (૧૮) સૂરત (૧૯) સુરેન્દ્રનગર (૨૦) હૈદ્રાબાદ.

*

## * પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર *

* શાસ્ત્ર વાંચીને કરવાનું તો આ છે, આત્મભાવના કરવી. શું ?—કે ત્રિકાળી જ્ઞાનાનંદ સહજ સ્વભાવી તે હું છું. શ્રીમદ્ રાજચંદ્રમાં પણ આવે છે કે 'આત્મ-ભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે' —તે આ આત્મભાવના. સ્વાભાવિક જ્ઞાન ને આનંદ જેનો એક સ્વભાવ તે હું છું પણ ભેદ તે હું નહીં. રાગ તો હું નહીં પણ ભેદ પણ હું નહીં, હું તો સ્વાભાવિક સહજ શુદ્ધ જ્ઞાન ને આનંદ જેનો સ્વભાવ છે એવો એક છું. શાસ્ત્ર વાંચીને કરવાનું તો આ છે. ચારે અનુયોગનો સાર આ છે. કેવો છે જ્ઞાનાનંદ ?–કે સ્વાભાવિક સહજ શુદ્ધ જ્ઞાનાનંદ છે, કૃત્રિમ નથી. પરનો કરવાવાળો તો નથી પણ રાગવાળો છું તેમ પણ નથી, અરે ! પર્યાયવાળો છું તેમ પણ નથી. શ્રી સમયસારની ૩૨૦ ગાથાની શ્રી જયસેનાચાર્યકૃત ટીકામાં આવે છે કે ધ્યાતા પુરુષ એમ ધ્યાવે છે કે 'જે સકલનિરાવરણ–અખંડ–એક-પ્રત્યક્ષપ્રતિભાસમય-અવિનશ્વર–શુદ્ધ-પારિણામિકપરમભાવલક્ષણ નિજપરમાત્મદ્રવ્ય તે હું છું,' પરંતુ એમ નથી ધ્યાવતા કે 'ખંડજ્ઞાનરૂપ હું છું.' ૧૩૨.

* શ્રોતા :—પરની પર્યાયને પરદ્રવ્ય કહો પણ સ્વની નિર્મળ પર્યાયને પણ પરદ્રવ્ય કેમ કહો છો ?

પૂજ્ય ગુરુદેવ :—પરદ્રવ્યના લક્ષે થતાં રાગની જેમ નિર્મળ પર્યાયના લક્ષે પણ રાગ ઊઠતો હોવાથી એ પણ ખરેખર પરદ્રવ્ય છે. તેને દ્રવ્યથી સર્વથા ભિન્ન છે—એમ જોર દીધા વિના દૃષ્ટિનું જોર દ્રવ્ય ઉપર જતું નથી. તેથી નિર્મળ પર્યાયને પણ પરદ્રવ્ય, પરભાવ ને હેય કહી છે. પર્યાય ઉપર પ્રેમ છે તેનું લક્ષ પરદ્રવ્ય ઉપર જાય છે, તેથી તેને પરદ્રવ્યનો જ પ્રેમ છે. પરમસત્‌સ્વભાવ એવા દ્રવ્યસામાન્યની ઉપર લક્ષ જવું તે અલૌકિક વાત છે. ૧૩૩.

* વર્ણાદિ પુદ્‌ગલ જીવમાં નથી એ તો ઠીક, અને રાગાદિ વિકાર પણ જીવમાં નથી એ પણ ઠીક, પરંતુ સંયમલબ્ધિસ્થાન અને ગુણસ્થાનના જે ભેદો પડે છે તે પણ જીવમાં નથી કેમ કે અનુભૂતિમાં ભેદ ભાસતો નથી તેથી તે ભેદો જીવમાં નથી પણ પુદ્‌ગલના પરિણામ છે તેમ કહ્યું છે. ૧૩૪.

*

## * હું સમજી શકતો નથી તે મારી સમજણનો દોષ છે *

સંસારથી ભયભીત જીવોનો કોઈપણ પ્રકારે આત્માર્થ પોષાય તેવો ઉપદેશ ગુરુ આપે છે. ગુરુનો આશય સમજવા શિષ્ય પ્રયત્ન કરે છે. ગુરુની કોઈપણ વાતમાં શંકા ન થાય કે ગુરુ આ શું કહે છે! તે એમ વિચારે કે ગુરુ કહે છે તે સત્ય જ છે, હું સમજી શકતો નથી તે મારી સમજણનો દોષ છે.

—પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી

કહાન સં. ૧૯ સં. ૨૦૫૫ [૬૬૬] * આત્મધર્મ * [અંક-૧૦ વર્ષ-૫૫] વીર સં. ૨૫૨૫ એપ્રિલ-૧૯૯૯

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 `Licensed to
Post Without Prepayment'

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦
મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ

આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫૦/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે
પોસ્ટેજના વાર્ષિક રૂા. ૧૬૮/– અલગ]